Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈનધર્મપ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૨ જો

માર્ગશીર્ષ

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી ડીસેમ્બર

વીર સં. ૨૪૭૭ વિક્રમ સં. ૨૦૦૭

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું અંક ૨ જો. | માર્ગશીર્ષ | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | માયા ... ... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૯ |
| ૨ | जैन दर्शन ... ... ... ... ... | (રાજમલ ભંડારી) | ૩૦ |
| ૩ | વંશપરંપરાગતા અને કર્મનો નિયમ | (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) | ૩૧ |
| ૪ | અક્ષરશ્રુત ... ... ... | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૩૩ |
| ૫ | પ્રભુની અંગરચનાને અંગે ગેરસમજુતી | (શ્રી બાલચંદ હીરાચંદ 'સા. ચં.') | ૩૫ |
| ૬ | પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા | (ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) | ૩૮ |
| ૭ | પંચસંગહપગરણનું પર્યાલોચન | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.) | ૪૧ |
| ૮ | શું એ હાર ટોડલો ગળી ગયો ? (સતી દમયંતીનો જીવન-પ્રસંગ:) | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ) | ૪૫ |
| ૯ | સ્વ. જોર્જ બર્નાર્ડ શો ... ... ... ... ... ... | | ૪૮ |
| ૧૦ | સભા સમાચાર, પ્રકીર્ણ ... ... ... ... ... | | ૫૦ |


### નવા સભાસદ

શ્રી પ્રેમરાજ રાજમલ ભંડારી આગર વાર્ષિકમાંથી લાઇફ મેમ્બર

## સંયુક્ત અંક

હવેથી અંગ્રેજી મહિના પ્રમાણે તા. ૫ મી મંજૂર થવાથી ૧૫ મી ડીસેમ્બરનો આ અંક પ્રગટ થયા પછી ત્રીજો તથા ચોથો **પોષ** તથા **માહ** માસનો અંક સંયુક્ત અંક તરીકે તા. ૫ મી ફેબ્રુઆરી પોષ વદિ ૧૪ ના રોજ પ્રગટ થશે.

## "પ્રકાશ" સહાયક ફંડ

આ માસમાં નીચે પ્રમાણે ભેટની રકમ મળી છે, જેનો સાભાર-સ્વીકાર કરવામાં આવે છે.

૫) શાહ ચત્રભુજ જયચંદ-ભાવનગર.

૧ શાહ રાયચંદ મૂળજી-મોરબી.

૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૭ મું.
અંક ૨ જો.

: માર્ગશીર્ષ :

વીર સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭

## માયા !--શાર્દૂલવિક્રીડિત

માયા મોહવતી વિલોભનગતી જે સર્વદા દુર્મતિ,
એ સંસારતતી કરે દ્રુતગતિ આપે સદા દુર્ગતિ;
દાખે સૌખ્ય અતિ અશેષ કુમતી ના લેશ છે સન્મતિ,
આપે નર્ક ગતિ સદૈવ વસતી દૂરે કરે સદ્ગતિ ॥ ૧ ॥
એવી છે કરણી સુસૌખ્યહરણી જે ધર્મ સંહારિણી,
માયા રાગતણી સદૈવ વરણી સંસાર વિસ્તારિણી;
સત્યાચાર હણી કુકામિતતણી દુર્નીતિને ધારિણી;
એને શત્રુ ગણી કુમાર્ગવરિણી જાણો વિસંવાદિની ॥ ૨ ॥
જે છે મિષ્ટ સુભાષિણી પ્રસવિની મિથ્યાત્વ વિસ્તારિણી,
તે હાલાહલદાયિની સુખ હણી સંપૂર્ણ દોષાગ્રણી;
હાળો એ રમણી કૂટીલ કરણી મૈત્રી તજો એહની,
ગર્તા દુર્ગતિની સુશીલહરણી જે મોહ નિસ્યંદિની ॥ ૩ ॥
વાણી ચંદન શીતલા મૃદુકલા જે નાદથી સંકુલા,
રૂપે ચંદ્રકલા સુમિષ્ટ મૃદુલા છે વાગુરા ચંચલા;
માયા છે ચપલા સ્વરૂપ કમલા ખડ્ગાગ્ર તીક્ષ્ણાકુલા,
એની એહ કળા ભયાકુલમલા જાણી તજો મોહલા ॥ ૪ ॥

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन दर्शन ।

सब दर्शन से जीनका दर्शन, अशुभ निकंदनहारा है ।
उस दर्शन की है बलिहारी, दर्शन वह जयकारा है ॥ १ ॥
अनेकान्त है दृष्टि जीसकी, ऐकान्त पक्ष नहीं धारा है ।
स्याद्वादके सम्यग् गुणसे, जगमें यह विस्तारा है ॥ २ ॥
मैत्रीभाव से सब जीवो को, शासन रसिक बनाने वारा है ।
विशाल भावना जीसमें ऐसी, वह ही सब को प्यारा है ॥ ३ ॥
कर प्रकाशित सत्यतत्व को, मिथ्यातत्व निवारा है ।
अज्ञान संशय भ्रम मिटा कर, सम्यग् ज्ञान प्रचारा है ॥ ४ ॥
इस दर्शन के आद्य प्रणेता, आदीश्वर जगदाधारा है ।
विश्वकल्याण और विश्वशान्ति की वहती जीसमें धारा है ॥ ५ ॥
अहिंसा, सत्य, अस्तेय, ब्रह्म, अपरिग्रह व्रत निरधारा है ।
जीव, जीवादि नव तत्वों को यह प्रकटावनहारा है ॥ ६ ॥
आतमतत्व का परम गवेषक, सब दर्शन से न्यारा है ।
परमातम पद की प्राप्ति का, पथ प्रदर्शनकारा है ॥ ७ ॥
षट् दर्शन जीन अंग कहाये, वहती इसकी धारा है ।
ऐकान्त ग्रहणकर हो गये न्यारे, जीससे ही वह न्यारा है ॥ ८ ॥
भेद प्रभेद और द्वेष क्लेश, ऐकान्त से ही विस्तारा है ।
अनेकान्त करता है समन्वय, यह ही जगहितकारा है ॥ ९ ॥
परमार्थ दृष्टि इसकी रहती, जो करती परउपकारा है ।
इस दृष्टिको जो अपनाते, वोही प्रभु का प्यारा ! है ॥ १० ॥
जीवन श्रेष्ठ बनाने को, "जैन दर्शन" मुख्य सहारा है ।
जैनधर्म का 'राज' प्रकाश, आतम का उजियारा है ॥ ११ ॥

राजमल भण्डारी-आगर (मालवा)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વંશપરંપરાગતા અને કર્મનો નિયમ.

## Heredity and the Law of Karma.

લેખક:—શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી.

ભિન્ન ભિન્ન માણસોમાં શારીરિક, માનસિક અને નૈતિક તથા આધ્યાત્મિક લક્ષણો અને ગુણોમાં જે ભિન્ન ભિન્નપણું દેખાય છે તેના કારણો શોધવા વિજ્ઞાનવાદીઓએ ઘણો પ્રયાસ કર્યો છે, જૂદા જૂદા પ્રયોગો કર્યા છે, સૂક્ષ્મદર્શક જેવા યંત્રોનો સંભાળપૂર્વક ઉપયોગ કર્યો છે, પણ તેના કારણો યથાર્થ રીતે તેઓને શોધવામાં સફળતા મળી નથી. સામાન્ય રીતે એક કારણ Heredity કુલપરંપરા અથવા પિતૃક્રમાગતાને માનવામાં આવે છે. રૂપરંગમાં છોકરાં ઘણું કરીને માબાપને મળતા આવે છે. ગોરા માબાપના છોકરા ગોરા હોય છે, કાળા માબાપના છોકરા કાળા હોય છે. એટલે શારીરિક રંગરૂપનું કારણ પિતૃક્રમાગતા ગણી શકાય છે. માબાપની ઇંદ્રિયોના કેટલાક લક્ષણો છોકરાંઓમાં જોવામાં આવે છે. માબાપના કેટલાક શારીરિક વ્યાધિઓ તેની સંતતિને વારસામાં આવતી જોવામાં આવે છે, તે ઉપરથી વિજ્ઞાન ફક્ત એટલું કહી શકે છે કે-ભૌતિક-શારીરિક ગુણો કેટલેક ભાગે વંશપરંપરાગત હોય છે. પણ તેટલા ઉપરથી માનસિક, નૈતિક અને આધ્યાત્મિક ગુણોની ભિન્નતાનો કાંઇ માનવા લાયક ખુલાસો થઇ શકતો નથી. એક જ માબાપના છોકરાંઓમાં એક બુદ્ધિશાલી હોય છે, એક સામાન્ય બુદ્ધિવાળો હોય છે, જ્યારે ત્રીજો તદ્દન બુદ્ધિહીન જોવામાં આવે છે. નીતિના ક્ષેત્રમાં પણ એક જ માબાપના છોકરાંઓ વચ્ચે ભેદ જોવામાં આવે છે, એક પ્રમાણિક હોય છે, બીજો અપ્રમાણિક જોવામાં આવે છે. એક દયાવાન દાનેશ્વરી હોય છે, બીજો ક્રૂરવૃત્તિનો અને કૃપણ જોવામાં આવે છે. એકમાં શમ, દમ આદિ આધ્યાત્મિક ગુણો વિકાસ પામતા હોય છે, બીજામાં કષાયોની વૃદ્ધિ થતી જણાય છે, એટલે ક્રમપરંપરાગતાના નિયમથી આવા ભિન્ન ભિન્ન ગુણોનો કાંઇ ખુલાસો થઇ શકતો નથી. વિજ્ઞાને એવું શોધી કાઢયું છે કે દરેક પ્રાણીમાં-પશુ તેમજ માનવીમાં એક ચંચળ સુગંધી પદાર્થ (volatile odorous matter) જોવામાં આવે છે. જે દરેક પ્રાણીમાં અંગત ભિન્ન ભિન્ન હોય છે, આ પદાર્થને જીવ અને શરીરના જડ પદાર્થ સાથે સંબંધ હોવો જોઇએ. આ પદાર્થ ભૌતિક છે, તે સૂક્ષ્મદર્શક જેવા યંત્રથી દેખાય છે. આ ભૌતિક સ્થૂલ પદાર્થમાં સૂક્ષ્મ કાંઇ તત્ત્વ રહે છે. જે તત્ત્વ જીવ જ્યારે નવું શરીર ધારણ કરે છે ત્યારે અમુક જાતિ, કુલ કે માબાપ અથવા ખાસ ગર્ભને આકર્ષણ કરે છે, અને શરીર બાંધે છે. સામાન્ય રીતે અમુક શરીર અથવા અમુક સંયોગો જીવના પૂર્વકર્મોના ફળરૂપે જ છે. (naturally the particular body environment etc., are the Ego's just due, owing to previous Karma.) અમુક પ્રકારનું શરીર પ્રાપ્ત કરવામાં વંશપરંપરાગતા તો કર્મના નિયમનું એક સહકારી કારણ છે. ( Heredity in the case of



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



human incarnations is the servant of the Law of Karma). એક ભવમાંથી બીજા ભવમાં સાથે આવનાર અવિનાશી તત્ત્વ તો કર્મ જ છે.

એક વિદ્વાન લખે છે કે—Since science can find no hereditary factor for humanness, these problems always bring us back to the Unerring law of Karma, which adjusts effect to cause on the physical, mental and spiritual planes of being, and which may be called the law of the re-adjustment of disturbed equilibrium—Harmony being the supreme Law. માનવીપણા માટે (માનવીમાં રહેલ ભિન્ન ભિન્ન ગુણ અને સ્વભાવ માટે) વંશપરંપરામાં રહેલું કાંઈ તત્ત્વ વિજ્ઞાન શોધી શકતું નથી, એટલે આપણે કર્મનો સનાતન નિયમ માનવાનો રહે છે. જે નિયમ પ્રમાણે ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક જગતમાં કાર્ય કારણવાદનું ચક્ર ચાલ્યા કરે છે. કર્મનો સનાતન નિયમ દેખીતી અસમાનતાનો ખુલાસો કરે છે. કર્મનો સનાતન નિયમ જ જગતમાં વ્યવસ્થા જાળવી રાખે છે.

આર્યન પાથ (Aryan path) માસિકના માર્ચ સને ૧૯૫૦ ના અંકમાં એક વિદ્વાને (Heredity as it affects Immortality) વંશપરંપરાગતાને અવિનાશીપણા સાથે કેવો સંબંધ છે તે બતાવનાર વિદ્વત્તાભરેલો લેખ લખ્યો છે. જૈનધર્મના કર્મના સિદ્ધાંતને વિજ્ઞાન દૃષ્ટિથી જોતાં કેવું સમર્થન મળે છે તે બતાવવા ટુંકાણમાં ઉપરની હકીકત લખવામાં આવી છે. જૈન દર્શનના કર્મના સિદ્ધાંતને જાણનારને તો ઉપરની હકીકત સ્પષ્ટ દીવા જેવી ચોકખી જણાય છે. સકર્મક જીવ સંસારમાં જૂદી જૂદી ગતિમાં ભટકતાં જૂદી જૂદી પ્રકૃતિના કર્મો બાંધે છે. તેના ફલ તેને તે ભવમાં કે આગામી ભવોમાં અવશ્ય મળે છે. સકર્મક જીવ દેહ છોડતી વખતે કાર્મણ શરીર સાથે જોડાયેલો જ મરણ પામે છે અને કાર્મણ શરીર યુક્ત હોવાથી તે જીવ કર્માનુસાર અન્ય દેહ ધારણ કરે છે. નવા જન્મના દેહ રૂપરંગ સ્વભાવ માટે પૂર્વના કર્મો જ જવાબદાર છે, જીવ પૂર્વના કર્મો સાથે જ નવો જન્મ ધારણ કરે છે. કર્માનુસાર દેહને યોગ્ય પુદ્ગલોને જીવ આકર્ષે છે, અને દેહને બાંધે છે તેમાં વંશપરંપરાગતા તો નજીવો ભાગ ભજવે છે. ખરૂં જોતાં તો વંશપરંપરાગતા પણ પૂર્વના કર્મનું ફલ છે. નામકર્મોનું જે વિવેચન જૈનદર્શન આપે છે, તેના ફલરૂપે જ નવા શરીરનું બંધારણ થાય છે. ટૂંકામાં કર્મનો સૂક્ષ્મ ગહન સિદ્ધાંત માન્યા વગર વિજ્ઞાન પણ મનુષ્યોમાં દેખાતી ભિન્નતાનો કાંઈ ખુલાસો કરવા અસમર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અક્ષરશ્રુત

લેખકઃ—આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

અક્ષર એટલે અવિનાશી. ઉપયોગ હોય કે ન હોય પણ જીવનો સ્વભાવ હોવાથી નાશ પામતું નથી માટે જ્ઞાનને અક્ષર કહેવામાં આવે છે. નયોની દૃષ્ટિથી જોતાં નૈગમાદિ અશુદ્ધ દ્રવ્યનયો જ્ઞાનને અવિનાશી માને છે; પણ શુદ્ધ પર્યાય નય તો જ્ઞાનને પણ વિનાશી માને છે. પર્યાય નયો કહે છે કે–ઉપયોગશૂન્ય અવસ્થામાં પણ જો જ્ઞાનનું અસ્તિત્વ માનવામાં આવે તો પછી ઉપયોગ વગરના ઘટ–પટાદિ જડ પદાર્થોમાં પણ જ્ઞાન માનવું પડશે. દ્રવ્ય તથા પર્યાયરૂપ નયોનો આદર કર્યા સિવાય કોઇ પણ વસ્તુનું સાચું જ્ઞાન થાય નહિ. પર્યાયનયની માન્યતા પ્રમાણે સમગ્ર વિશ્વ ક્ષણવિનશ્વર છે. કોઇપણ ક્ષણ, વસ્તુની ઉત્પતિ તથા વિનાશ વગરનો નથી. દ્રવ્યનય કહે છે કે–વસ્તુ માત્ર અક્ષર છે, ઉત્પતિ–વિનાશવાળી કોઇ વસ્તુ જ નથી. આ પ્રમાણે બન્ને નયોના સ્વતંત્ર વિચારો પરસ્પર સર્વથા ભિન્ન છે, છતાં એકેયનો અનાદર થઇ શકે નહિ; કારણ કે પર્યાયનયની દૃષ્ટિથી જગત કાર્યરૂપ છે અને દ્રવ્યનયની દૃષ્ટિથી કારણરૂપ છે. જો એકલું કાર્ય માનવામાં આવે તો કોનું કાર્ય? અને એકલું કારણરૂપ જગત કહીયે તો કોનું કારણ? કાર્ય વગર કારણ હોઇ શકે નહિ અને કારણ વગર કાર્ય હોઇ શકે નહિ. આ કાર્ય–કારણનો અભેદ સંબંધ હોવાથી બન્ને નયો સર્વથા ભિન્ન રહી શકતા જ નથી. જેમકે વડનું બીજ અને વડ, કારણ–કાર્ય છે અને તે સર્વથા ભિન્ન નથી. તેવી જ રીતે કારણ તથા કાર્ય જગતની પણ વ્યવસ્થા છે. દ્રવ્ય અને પર્યાય જુદા ન હોવાથી નિશ્ચિત દ્રવ્યની સંતાનનો કે નિશ્ચિત પર્યાયની સંતાનનો ભેદ પાડી શકાય નહિ. અર્થાત્ બીજથી બીજ જ થયા કરે અને વૃક્ષથી વૃક્ષ જ થયા કરે એમ નથી હોતું, પણ બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ, પાછું બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ, આવી રીતેનો કાર્ય–કારણ ભાવ જોવામાં આવે છે, તેવી જ રીતે દ્રવ્ય તથા પર્યાયના પણ કાર્ય–કારણ ભાવની વ્યવસ્થા છે. કારણ–કાર્યસ્વરૂપ છે અને કાર્યકારણસ્વરૂપ છે. દ્રવ્ય તે પર્યાય છે અને પર્યાય તે દ્રવ્ય છે. બન્ને પરસ્પર એક બીજાનાં કાર્ય કારણ ભાવ બની શકે છે. ફરક માત્ર એટલો જ છે કે–જે કારણ હોય છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે અને કાર્ય પર્યાયના નામથી ઓળખાય છે. બાકી બન્ને એક જ વસ્તુ હોય છે. ભેદ માત્ર દૃષ્ટિનો જ છે, કારણ કે ભૂતકાળની પર્યાયને અથવા ભવિષ્યની પર્યાયને અનુભવનારું દ્રવ્ય હોય છે, પણ પૂર્વક્ષણ(ભૂત)પર્યાય તથા ઉત્તરક્ષણ(ભવિષ્ય)પર્યાયથી સર્વથા ભિન્ન વર્તમાન ક્ષણમાં રહેનારી દ્રવ્ય જેવી કોઇ વસ્તુ જ નથી.

આ પ્રમાણે નયોની દૃષ્ટિથી જોતાં અક્ષર એટલે કેવળજ્ઞાન હોઇ શકે છે, કારણ કે તે નિરાવરણ હોવાથી તાત્વિક દૃષ્ટિથી અવિનાશી કહી શકાય. બાકીનાં મતિ આદિ જ્ઞાનો આવરણવાળા હોવાથી ક્ષયોપશમ ભાવની અપેક્ષાથી વિનાશી કહેવાય છે. અને ઉત્પન્ન થયું, નાશ પામ્યું એવો વ્યવહાર પણ મતિ આદિ જ્ઞાનોમાં જ થાય છે પણ કેવળજ્ઞાનમાં થતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. જો કે પર્યાય દૃષ્ટિ તો કેવળજ્ઞાનને પણ ઉત્પત્તિ-વિનાશવાળું માને છે. તે એવી દલીલ કરે છે કે-જો કેવળજ્ઞાનને ઉત્પત્તિ-વિનાશવાળું ન માનવામાં આવે તો જગત એક રૂપે જ જણાય. નાના ( ભિન્ન ભિન્ન ) રૂપે જણાય નહિ. ઘટજ્ઞાન નાશ થયા સિવાય પટજ્ઞાન થાય નહિ. અને પટજ્ઞાન નાશ થયા સિવાય મઠજ્ઞાન થાય નહિ. માટે જો કેવળજ્ઞાનને ઉત્પત્તિ-વિનાશવાળું નહિ માનવામાં આવે તો પછી કેવળજ્ઞાની આખાય જગતને ઘટરૂપે અથવા તો પટરૂપે જોશે. અર્થાત્ એકરૂપે જ જોશે. અને તેથી તે પોતાને પણ ઘટ યા પટરૂપે જોશે. તાત્પર્ય કે-કેવળજ્ઞાની સમગ્ર વિશ્વને એક ચૈતન્ય અથવા તો એક જડરૂપે જાણશે તો પછી અનેકરૂપે અનુભવતા જગત જેવી કોઇ પણ તાત્ત્વિક વસ્તુ રહેશે નહિ, ત્યારે દ્રવ્યદૃષ્ટિ કહે છે કે જગતને અનેકરૂપે જાણવા જોવાનું ઉત્પત્તિ-વિનાશ વગર થાય નહિ પણ તે જ્ઞાનના પરિણામરૂપ છે. જેમ જળાશય( નદી કે દહ )માં પરપોટા ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે તે પાણીનું જ પરિણામ છે, પણ પાણીથી ભિન્ન કોઇ વસ્તુ જ નથી તેમ જગત અનેકરૂપે જાણવું તે અવિનાશી જ્ઞાનનું પરિણામ છે, પણ તેનાથી ભિન્ન વિનાશી જ્ઞાન જેવી કોઇ વસ્તુ જ નથી.

આ પ્રમાણે સામાન્ય જ્ઞાન અક્ષર હોવા છતાં મતિ આદિ ચારે જ્ઞાનોને છોડીને શ્રુતની સાથે જ અક્ષર શબ્દ જોડવામાં આવ્યો છે તે રૂઢ અર્થને લઇને જ છે. અર્થાત્ શ્રુતની સાથે જોડેલા અક્ષરનો અર્થ અવિનાશી ન કરતાં વર્ણ કરવામાં આવ્યો છે. શબ્દોના વ્યુત્પત્તિથી થતા મૂળ અર્થોને છોડીને રૂઢીથી થતાં અર્થોનો આદર થતો આવ્યો છે. જેમકે પંકજ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કાદવમાંથી થવાવાળી વસ્તુ-દેડકાં, જળો આદિ થાય છે, પણ રૂઢીથી પંકજ કમળને જ કહેવામાં આવે છે. વળી અંગજ એટલે શરીરમાંથી ઉત્પન્ન થતી જૂ કૃમિ, મેલ વિગેરે વસ્તુઓ હોય છે છતાં અંગજ શબ્દ પુત્ર અર્થમાં જ વપરાય છે. તેવી જ રીતે અક્ષર શબ્દનો વ્યુત્પત્તિ અર્થ અવિનાશી હોવા છતાં રૂઢીથી વર્ણ અર્થ કરીને તેને બીજા જ્ઞાનોની સાથે ન જોડતાં શ્રુતજ્ઞાનની સાથેજ જોડવામાં આવ્યો છે, કારણ કે સંભળાય અથવા સાંભળે તેને શ્રુત કહેવામાં આવે છે. તે વર્ણોને આશ્રયીને છે. અને તેના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ પાડવામાં આવ્યા છે. દ્રવ્ય અક્ષરમાં સંજ્ઞા તથા વ્યંજનનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને ભાવ અક્ષર લબ્ધિને કહેવામાં આવે છે. અર્થાત્ સંજ્ઞા એટલે સંકેત અનેક ભિન્ન ભિન્ન આકારોવાળી લીપી અને વ્યંજન એટલે બોલાવવામાં આવતી અનેક પ્રકારની ભાષાઓ કે, જે-દીવો જેમ અંધારામાં રહેલી વસ્તુઓને પ્રગટ કરે છે-જણાવે છે તેમ આકારાદિ તથા ઉકારાદિ વર્ણોથી બનેલી ભાષાઓ નિકટમાં અથવા દૂર રહેલી વસ્તુઓનો બોધ કરાવે છે. સંજ્ઞા(સંકેત)થી અથવા તો વ્યંજન(ઉચ્ચાર)થી આત્માને જે વર્ણ બોધ થાય છે તે લબ્ધિ અક્ષર કહેવાય છે માટે સંજ્ઞા અને વ્યંજન લબ્ધિરૂપ ભાવશ્રુતનાં કારણ હોવાથી દ્રવ્યશ્રુત કહેવાય છે અને તેનાથી થતો આત્માને વર્ણ બોધદ્વારા શ્રુત ગ્રંથને અનુસરીને વસ્તુબોધ થાય છે તે ભાવશ્રુત કહેવાય છે. અર્થાત્ વાંચીને કે સાંભળીને વર્ણોના સંકેતો તથા ઉચ્ચારો દ્વારા વસ્તુઓનો બોધ થાય છે. માટે જ લબ્ધિઅક્ષરરૂપ ભાવશ્રુત પાંચ ઇંદ્રિય તથા છઠ્ઠા મન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુની અંગરચનાને અંગે ગેરસમજુતી.

( લેખક : સાહિત્યચંદ્ર શ્રી બાલચંદ હીરાચંદ,–માલેગામ. )

પ્રભુની મૂર્તિના અંગ ઉપર અનેક જાતના અલંકાર પહેરાવવામાં આવે છે. બાદલું, કટોરી, અને કેશર, કસ્તુરી, ચંદન વિગેરે દ્રવ્યોથી રચના કરવામાં આવે છે. તેમજ અનેક રંગોના સુગંધી ફૂલોથી હાર વિગેરે પહેરાવી ખૂબ ઠાઠ જમાવવામાં આવે છે. પ્રસંગાનુસાર સાચા હીરા, માણેક, પન્ના, મોતી વિગેરે કિંમતી વસ્તુઓથી શોભામાં વધારો કરવામાં આવે છે. અનેક જાતના દશાંગાદિ ધૂપ કરવામાં આવે છે તેમજ અનેક દીવા પ્રગટાવી ખૂબ સજાવટ કરવામાં આવે છે. આ બધું જોઇ આપણા કેટલાએક બંધુઓના મનમાં એવા વિચારો ડોકિયું કરી જાય છે કે–આ બધો પ્રકાર નિરર્થક અને નિરુપયોગી છે. એનાથી ભક્તિનું કાર્ય થતું નથી પણ મોહ કે પરિગ્રહ વધારવાની વૃત્તિ જ જાગે છે; માટે એ બધું બંધ થવું જોઇએ. એની પાછળ થતો દ્રવ્યવ્યય અટકાવવો જોઇએ.

પૂર્વોક્ત વિચારોની પુષ્ટિમાં તેઓ એવી દલીલ આગળ ધરે છે કે–પ્રભુ તો વીતરાગ છે. એમને કોઇ પણ વસ્તુની જરૂર હોતી નથી. તેમને આપણે મોહી તરીકે કરી મૂકીએ છીએ. એવા તો અનેક જુદા જુદા વિચારો એમના મગજમાં ઘર કરી બેઠેલા હોય છે, અને અનેક પ્રસંગે તેઓ પોતાના એ વિચારો પ્રગટ કર્યે જાય છે. તેનો સાચો ઉકેલ નહીં મળવાથી પોતાના વિચારો તેઓ દૃઢ કરતા જાય છે. એટલેથી એ કાર્ય અટકતું નથી પણ કેટલાએક સામાન્ય માણસોમાં તેવા વિચારો સાંભળી બુદ્ધિભેદ ઉત્પન્ન થાય છે અને તેઓ સંશયાત્મા બની જાય છે. એ બધી હકીકત જાણ્યા પછી તેનો સાચો ઉકેલ શું છે ? એનો વિચાર કરવાની આવશ્યકતા ઉત્પન્ન થાય છે.

પહેલા તો એ વિચાર કરવાનો છે કે–પ્રભુનો આત્મા તો વીતરાગ થઇ મુક્ત થએલો છે. તે સર્વથા નિરુપાધિક, અરૂપી અને અવર્ણનીય છે. તેને રૂપી કરી કોઇ ઉપાધિ જોડી શકાતી જ નથી. મુક્તાત્માનું રૂપ કલ્પવું એ તદ્દન અશક્ય છે. ત્યારે જ્ઞાની જનોએ મૂર્તિની કલ્પના શી રીતે કરી હશે ? જગતમાં અજ્ઞાની તેમજ જ્ઞાની પંડિતો હોય છે. બાળો હોય છે તેમ વૃદ્ધો હોય છે. ક્રોધી તેમજ શાંત માનવો હોય છે. લોભી તેમજ ઉદાર દાતાઓ હોય છે. પાપી તેમજ પુણ્યાત્માઓ હોય છે. ગમે તે વિચારના કે ગમે તે દરજ્જાના લોકો હોય તેમને ધર્મ સન્મુખ રાખવા, જડત્વ પાસેથી દૂર ખસેડી આત્મસન્મુખ રાખવા એ જ્ઞાનીજનોનો મુખ્ય ઉદ્દેશ હોય એમાં શંકા નથી. જ્ઞાની મહાત્માઓએ માનવનો સ્વભાવ બરાબર ઓળખી લીધેલો હતો. **उत्सवप्रियाः खलु मनुष्याः।** એટલે મનુષ્યનો સ્વભાવ

---

દ્વારા થવાથી શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે. વર્ણો અક્ષરની અવિનાશીરૂપ વ્યુત્પતિના અર્થ-વાળા પણ અમુક દૃષ્ટિથી બની શકે છે. અને તે અનેક અર્થો વર્ણોમાંથી ખરવા છતાં વર્ણોનો નાશ થતો નથી, માટે નિરૂક્તથી અક્ષરનો વર્ણવ્યવહાર કરવામાં બાધ આવતો નથી. કહ્યું છે કે- **अत्थेय खरइ नयजेणक्खरं तेणं।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્સવપ્રિય હોય છે એ એમણે પૂરેપૂરું જાણી લીધેલું હતું. રસ્તામાં વાજા વાગતા હોય ત્યારે નાના ને મોટા બધા જ જોવા લલચાય છે. વિશિષ્ટ કારણનું સરઘસ નિકળેલું હોય ત્યારે હજારોની સંખ્યામાં માનવો તેની પાછળ દોડે છે. બજાર કે જાત્રા, મેળો કે સમારંભ ગમે તેવો લોક સમૂહ એકત્ર આવવાનો પ્રસંગ હોય છે ત્યારે માનવો તે જોવા ઉભરાય છે. એ વસ્તુ દીવા જેવી સ્પષ્ટ છે. લૌકિક કે રાજકીય, સામાજિક કે ધાર્મિક તહેવાર હોય છે ત્યારે માનવો પોતે ઉત્તમ વેશભૂષા સજી, પોતાનું ઘર સ્વચ્છ કરી ઉત્સવમાં સાનંદ સામેલ થાય છે. ઉત્સવ સ્થાન જેમ બને તેમ વધુ આકર્ષક, સુશોભિત અને પ્રેરક બને તેવા પ્રયત્નો કરવામાં આવે છે. અને એમ કરવાથી દર્શનોત્સુક જનતામાં કાંઇ ને કાંઇ વિશિષ્ટ ભાવનાનો ઉદ્રેક નિર્માણ થાય છે. આમ માનવ સ્વભાવના વિશિષ્ટ વિકાર કહો કે વિચાર કહો તેનો લાભ લેવામાં આવે છે. એ માનવસ્વભાવની વિશિષ્ટતાને જ સાચા માર્ગે કેળવવા માટે પ્રભુના અંગરચનાનું વિધાન કરવામાં આવ્યું છે એમાં જરાએ શંકા નથી.

પ્રભુની મૂર્તિ કાંઇ મુક્તિ પછીની હોતી નથી. જ્યારે પ્રભુ દેહધારી હતા અને અંતિમ સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી ચૂકેલા હતા, તેમને કાંઇ સાધ્ય કરવાનું રહેલું નહીં હતું, પ્રશમરસની પૂર્ણતા જ્યાં અબાધિતપણે વિરાજમાન હતી તે દેહધારી સિદ્ધાવસ્થાની જ મૂર્તિ કલ્પવામાં આવી છે, તેમજ જ્યારે પ્રભુ તીર્થંકર અવસ્થા પ્રાપ્ત થઇ અને જ્યારે દેવતાઓએ સમવસરણ રચી અષ્ટમહાપ્રાતિહાર્યની ઉત્પત્તિ થઇ તે સિંહાસનાધિષ્ઠિત આખા તીર્થંકરના ગુણસમૂહ એકત્ર થયા ત્યારની દેશના વર્ષતી પ્રભુની શાંતમૂર્તિની કલ્પના રચવામાં આવી છે. એ પ્રભુની અવસ્થાની જ્ઞાની જનોએ જેવી મૂર્તિ કલ્પેલી તેવી મૂર્તિ નિર્માણ કરવામાં આવે છે. એ અવસ્થા કાંઇ પંચભૂતાત્મક દેહના વિલીન થયા પછીની નથી. અને એવી અવસ્થા એટલે એકલા આત્માની મૂર્તિ કોઇ કલ્પી પણ શકે નહીં. એવી અવસ્થાની પ્રભુમૂર્તિ ઉપર માનવ પોતા પાસે જે વધુમાં વધુ કીંમતી અને સારી ગણાતી વસ્તુઓ અર્પી પોતાનો ત્યાગ કેળવી આનંદ માને એ સ્વાભાવિક છે. પ્રભુને રાગી અગર મોહી થવાનો પ્રશ્ન જ ત્યાં કેમ ઉત્પન્ન થાય છે એ સમજી શકાતું નથી. જેને થોડો રાગ હોય તેનો તે રાગ વધવા સંભવ છે. પણ જેનો રાગ સર્વથા નષ્ટ થયો હોય તેને ગમે તેવો રાગ પણ પીડા કરી શકે નહીં, એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. જ્યારે સુંદર અંગરચના કરવામાં આવે છે ત્યારે દર્શનોત્સુકો વધુ સમૂહમાં ખેંચાઇ આવે છે. બાલજીવો અત્યંત ઉલ્હાસ અને આનંદ અનુભવે છે. પૂજ્ય ભાવમાં ખાસ વધારો થાય છે. જે આત્માની આટલી સર્વોત્કૃષ્ટ પૂજા રચવામાં આવે છે એવા મહાન આત્મા–પ્રભુ માટે વધુ ને વધુ વિચારો કરવાની સ્ફુરણા થાય છે અને તેવા આત્માએ એ સિદ્ધિ શી રીતે મેળવી એનો વિચાર કરવાનું મન થાય છે. મતલબ કે નેત્રદ્વારા મેળવેલ આનંદ આત્માની જાગૃતિ કરવાને નિમિત્તભૂત થાય છે. નેત્રોનું જે ઐહિક જડ વસ્તુ તરફનું આકર્ષણ આત્મિક મૂલગ્રાહી તત્ત્વ તરફ ખેંચાય છે. એ લાભ કાંઇ જેવો તેવો ન ગણાય.

ગમે તેટલો તત્ત્વજ્ઞાની મનુષ્ય હોય છતાં પૂર્ણ ઇંદ્રિયજય મેળવવો એ અત્યંત દુઃસાધ્ય વસ્તુ છે, ગમે તેવા જ્ઞાનીને પણ ઇંદ્રિયોનું આકર્ષણ તો હોય છે જ. જ્ઞાની પરમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાવન દયાનિધિ સંત મહાત્માઓએ એ જોઈ વિચારીને બધા ઇંદ્રિયોના આકર્ષણના વિષયોને પારમાર્થિક રૂપ આપવાનો અત્યંત વિચારપૂર્વક પ્રયત્ન કરેલો છે. નેત્ર, કાન, નાક વિગેરે ઇંદ્રિયોના વિષયોની દિશા ફેરવવાનો તેમણે યશસ્વી પ્રયત્ન કરેલો છે. દરેક ઇંદ્રિયોના વિષયોને ઐહિક આકર્ષણોથી ફેરવી પારમાર્થિક આકર્ષણો તરફ વાળવામાં આવેલ છે અને એમ કરી ઇંદ્રિયજયને વધુ સુલભ કરી મૂકેલ છે. મરડી મચડીને હઠયોગદ્વારા ઇંદ્રિયજય મેળવી શકાય છે એ વસ્તુ સત્ય છે, છતાં એ કાર્ય વિશિષ્ટ કોટીના માનવો માટે શકય છે. સામાન્ય માનવો માટે તો ધર્મ તરફ આકર્ષવાનો રાજમાર્ગ એ જ એક સુલભ સાધન છે. જ્ઞાની ભગવંતોને તો બાલજીવો ઉપર વધુ કરુણાભાવ હોવાને લીધે તેમના માટે જ ઉત્તમ યોજનાબદ્ધ આકર્ષણો યોજવામાં આવેલ છે. અંગરચનાનો પ્રકાર એમાંનો જ એક છે. એની ઉપયોગિતાનો ઊંડો વિચાર કરતા સત્ય વસ્તુ જણાઇ આવવામાં વિલંબ નહી થાય.

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ જણાશે કે–પ્રભુની અંગરચના એ માનવ જાતને પરમાર્થ તરફ આકર્ષવાનો સુલભ ઉપાય છે અને તેની ઉપયોગિતા સ્વયંસિદ્ધ છે. અંગરચનાથી બધા જ ધર્મિષ્ઠ થઇ જતા નથી એવી એક દલીલ કરવામાં આવે છે, પણ એના જવાબમાં કહેવું જોઇએ કે—એ તો દરેક આત્માના ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે. પણ એથી પરમાર્થવિમુખતા તો નથી જ થવાની. દેશભક્તનું ભાષણ સાંભળી બધા જ કાંઇ દેશભકત થઇ જતા નથી. કોઇક જ એ વિચાર ઝીલે છે અને બીજાઓ કોરા પ્રશંસક જ રહી જાય છે. તેમ અંગરચના જોઇ કોઇક જ આત્માને આત્મદર્શનની અર્થાત્ પ્રભુના સાચા દર્શનની જાગૃતિ આવે છે. બાકીના તો ફકત પ્રશંસક જ હોય છે. પણ આમ પ્રશંસકમાંથી જ સાધકવર્ગ પેદા થવાનો માર્ગ ખુલ્લ છે. એના દુષ્પરિણામો સાંભળવામાં નથી આવતા. આ કાર્ય પાછળ આટલી દોલત ખર્ચ થાય છે વિગેરે બાલિશ કલ્પનાઓ તો કાંઈ ન કરનારા અને બીજાઓનો દોષ જ નિહાળનારાઓની જ હોઇ શકે. અલ્પ દ્રવ્ય ખર્ચી આનંદ માનવો અગર બીજા ક્ષેત્રમાં વધુ દ્રવ્યની જરૂર હોવાથી અંગરચના પાછળ ઓછું ખરચ કરવું એ પ્રશ્ન તદ્દન જુદો છે. તરતમભાવે તેનો વિચાર થઇ શકે પણ તેથી અંગરચનાની ઉપયોગિતા કાંઇ ઓછી થતી નથી. એથી તો આચાર્યદેવોની બુદ્ધિની કુશાગ્રતા અને માનવ ઉપર અપાર દયા જ સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. )

( અનુસંધાન ગત વર્ષના પૃષ્ઠ ૨૯૨ થી શરૂ )

આમ 'પરિચય પાતક ઘાતક સાધુશું' થાય એટલે 'અકુશલ અપચય ચેત' થાય, અકુશલ ભાવના અપચયવાળું ચિત્ત થાય. અર્થાત્ ચિત્તમાંથી અશુભ ભાવ ઓછો ઓછો થતો જાય, આત્માનો માંહીનો મેલ ધોવાતો જાય, ભાવમલની અલ્પતા થાય; કારણ કે **સત્સંગ**નો મહિમા અનન્ય છે. શ્રી શંકરાચાર્યજી કહે છે કે '**क्षणमपि सज्जन-सङ्गतिरेका भवति भवार्णवतरणे नौका**' ક્ષણ પણ સજ્જનની સંગતિ થાય તો તે ભવાર્ણવ તરવામાં નૌકા સમ બની જાય છે. સર્વ જ્ઞાની પુરુષોએ આ સત્સંગને ખૂબ ખૂબ વખાણ્યો છે. સત્સંગ એ જીવને તરવાનું ઉત્તમ સાધન છે. સત્સંગથી જીવના સ્વચ્છંદાદિ દોષ સહેજે દૂર થાય છે ને આત્મગુણની વૃદ્ધિ થાય છે. સત્સંગનો આશ્રય જીવને પરમ આધારરૂપ, અવષ્ટંભ-રૂપ, ઓથરૂપ થઇ પડે છે, ને તેના અવલંબને સંસારસાગર ખાબોચિયા જેવો થઈ જઇ લીલાથી પાર ઉતરાય છે. જીવના પરમ બાંધવરૂપ આ સત્સંગની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે, માટે તેમાં સર્વાત્માથી આત્માર્પણ કરવું યોગ્ય છે એમ સત્પુરુષો ઉપદેશે છે.

**'અકુશલ અપચય ચેત'**

"માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઇ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો. અને પછી 'સત'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું. તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. આ જે વચનો લખ્યા છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે. અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમ પદને આપે એવાં છે. એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદ-શાંગી, ષટ્ દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે રહ્યું છે.

"સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે, સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે, બધા કાળમાં તેનું દુર્લભપણું છે, અને આવા વિષમ કાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાની પુરુષોએ જાણ્યું છે, જે પુરુષ સદ્ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિરધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ ગણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મ–સાક્ષાત્કાર છે." (જુઓ **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૧૮૧–૪૨૮–૫૧૮ ઈ૦)

અથવા બીજી અપેક્ષાએ વિચારીએ તો 'પરિચય પાતક ઘાતકશું' ક્યારે



For Private And Personal Use Only

થાય ? '**અકુશલ અપચય ચેત**' થાય ત્યારે. ચિત્ત અકુશલ ભાવના અપચયવાળું થાય, ચિત્તનો અશુભ ભાવ ઓછો થાય. ત્યારે ઉત્તમ સાચા સાધુપુરુષની-ભાવયોગીરૂપ સાચા સદ્ગુરુની સંગતિનો લાભ મળે. જ્યારે જીવનો અંદરનો મેલ (આત્મમલિનતા) ધોવાઇ જઇને ઓછો થાય, ભાવમલની અલ્પતા× થાય, ત્યારે તેવો 'જોગ' જીવને બાઝે. આવા 'પુણ્ય પંડૂર જ્યારે પ્રકટે' ત્યારે સત્પુરુષનો સમાગમયોગ થાય. રત્નનો મલ જેમ જેમ દૂર થાય, તેમ તેમ તેની કાંતિ-ચળકાટ ઝળહળી ઊઠે છે; તેમ જીવનો અંતર્ગત ભાવમલ જેમ જેમ ધોવાતો જાય છે, તેમ તેમ તેની ધર્મપ્રાપ્તિની યોગ્યતારૂપ કાંતિ ઓર ને ઓર ખીલતી જાય છે, આત્મપ્રકાશ ઓર ને ઓર ઝળકતો જાય છે. આમ માંહેનો મલ ધોવાતાં જેમ જેમ આત્મા નિર્મલ બને, ચિત્ત ચોકખું બને, તેમ તેમ તેનામાં સન્માર્ગ પામવાની પાત્રતા આવતી જાય છે; અને તે પાત્રતારૂપ લોહચુંબકથી આકર્ષાઇને તેને સત્પુરુષના જોગરૂપ ઉત્તમ નિમિત્ત સાંપડે છે.

**ભાવમલ અલ્પતા.**

"કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવા ઘટે છે. તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે, અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. **મળ, વિક્ષેપ** અને **અજ્ઞાન** એ અનાદિ જીવના ત્રણ દોષ છે. જ્ઞાની પુરુષોનાં વચનની પ્રાપ્તિ થયે તેનો યથાયોગ્ય વિચાર થવાથી અજ્ઞાનની નિવૃત્તિ હોય છે. × × × સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ એ આદિ મલ મટવાનાં સાધન છે. જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ એ વિક્ષેપ મટવાનું સાધન છે."—**શ્રીમદ્ રાજચંદ્ર.**

કારણ કે આ **ભાવમલની** જ્યારે ઘનતા* હોય, ગાઢપણું-પ્રબલપણું હોય ત્યારે સત્પુરુષો પ્રત્યે તેવી મહોદયવાળી પ્રતીતિ હોય નહિં, શ્રદ્ધા-આસ્થા ઉપજે નહિં. આત્માનો અંદરનો મેલ જ્યાંસુધી ગાઢ હોય ત્યાંસુધી સંતની પ્રત્યે વિશ્વાસ બેસે નહિં. જ્યાંસુધી જીવ ગુરુકર્મી-ભારેકર્મી હોય ત્યાંસુધી સતપુરુષની તેવી પીછાન, ઓળખાણ થાય નહિં. અત્રે દૃષ્ટાંત છે કે-જેની આંખનું તેજ મંદ

× " एतच्च सत्प्रणामादिनिमित्तं समये स्थितम् ।
अस्य हेतुश्च परमस्तथा भावमलाल्पता ॥ " શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

*" नास्मिन् घने यतः सत्सु तत्प्रतीतिर्महोदया ।
किं सम्यग् रूपमादत्ते कदाचिन्मन्दलोचनः ॥
अल्पव्याधिर्यथा लोके तद्विकारैर्न बाध्यते ।
चेष्टते चेष्टसिद्ध्यर्थं वृत्त्यैवायं तथा हिते ॥ " શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

" सत्सु सत्त्वधियं हन्त मले तीव्रे लभेत कः ।
अङ्गुल्या न स्पृशेत् पङ्गुः शाखां सुमहतस्तरोः ॥ " શ્રી યશોવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ઓછું છે, જે દૃષ્ટિદોષથી ઝાંખુ ઝાંખુ દેખે છે, એવો મંદલોચનવાળો પુરુષ શું બરાબર વસ્તુસ્વરૂપ દેખી શકે ખરો ? ન જ દેખી શકે. તેમ ભાવમલ ઘણો હોવાથી જેના ભાવચક્ષુ ઉઘડ્યા નથી, તે સત્પુરુષના સ્વરૂપને બરાબર ન ઓળખી શકે, ન પીછાની શકે; ને ઓળખે નહિં તો પ્રતીતિ પણ ક્યાંથી કરે ? આમ 'સત્પુરુષો પ્રત્યે સત્પણાની બુદ્ધિ તીવ્ર મલ હોય ત્યાંસુધી ઉપજે નહિં; કારણ કે ઘણા ઊંચા ઝાડની શાખાને પાંગળો કદી આંગળીથી સ્પર્શી શકે નહિં.'

આથી ઊલટું **ભાવમલની અલ્પતા** થાય ત્યારે સત્પ્રતીતિ અને સંતસેવા ઉપજ્યા વિના રહે નહિં. અત્રે અલ્પ વ્યાધિવાળા પુરુષનું દૃષ્ટાંત છેઃ કોઇ એક મનુષ્ય છે. તે મોટી બીમારીમાંથી ઊઠયો છે, તેનો રોગ લગભગ નષ્ટ થયો છે, તે લગભગ સાજો થઈ ગયો છે. માત્ર ખૂજલી વગેરે નાનાસૂના ક્ષુદ્ર નજીવા મામૂલી વિકારો બાકી છે, પણ તે રહ્યાસહ્યા તુચ્છ વિકારો તેને ઝાઝી બાધા કરતા નથી, બહુ હેરાન કરતા નથી, તેમજ તેના રોજના કામમાં આડખીલી–અટકાયત કરતા નથી; અને આવો અલ્પ વ્યાધિવાળો, લગભગ સાજો થઇ ગયેલો પુરુષ પોતાના કુટુંબના ભરણપોષણ ખાતર રાજસેવા, વેપાર વગેરે ઇષ્ટ કાર્યની સિદ્ધિ અર્થે પ્રવર્તે છે. તે જ પ્રકારે અલ્પ મલવાળો પુરુષ પણ સ્વતઃ વૃત્તિથી જ સંત–સેવાદિ આત્મહિતમાં પ્રવૃત્તિ કરે છે; શુભ વૃત્તિઓને પોષતો રહી, દુષ્ટ અશુભ વૃત્તિઓને રોકે છે, ને આત્માનું કલ્યાણ થાય એવા શુભ કાર્ય કરે છે. તે યથાશક્તિ દાન દીએ છે, સદાચાર આદિરૂપ શીલ પાળે છે, અને 'સર્વ જગતનું કલ્યાણ થાઓ! સર્વ પ્રાણીગણો પરહિતનિરત થાઓ! સર્વ દોષો નાશ પામો! સર્વત્ર લોકો સુખી થાઓ!' ઇત્યાદિ શુભ ભાવના તે ભાવે છે. રાજસી, તામસી વૃત્તિ પરિહરી તે સાત્ત્વિકી વૃત્તિને ભજે છે. અહિત પ્રવૃત્તિમાંથી નિવર્ત્તી તે હિત-પ્રવૃત્તિમાં પ્રવર્ત્તે છે. આમ તે પ્રતિદિન અકુશલ અપચય કરતો રહે છે.

**હિતપ્રવૃત્તિ: અહિતનિવૃત્તિ**

અને આમ 'અકુશલ અપચય ચેત' થતાં સંતનો પરિચય થાય ત્યારે —**'ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે પરિશીલન નય હેત'** થાય. જ્યારે સંતસમાગમ થાય ત્યારે જ તેના મુખેથી અધ્યાત્મ-ગ્રંથનું શ્રવણ થાય, તે પછી તેનું મનન થાય, અને પછી નય હેતુ અપેક્ષાએ તેનું પરિશીલન થાય. આનો હવે પદચ્છેદથી વિશેષ વિચાર કરીએ.

**'ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે'**

અધ્યાત્મગ્રંથનો ઉપદેશ કોણ આપી શકે ? જે અધ્યાત્મ યોગને જાણતા નથી કે તેના અનુભવરસને જેણે ચાખ્યો નથી, તે તેનો ઉપદેશ ન આપી શકે એ તો પ્રગટ સમજી શકાય એવી વાત છે. એટલે 'અધ્યાત્મ' એમ કહી અધ્યાત્મની હાંસી ઉડાવનારા અબૂઝ કે અધ્યાત્મરસપરિણતિ વિના અધ્યાત્મયોગની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચસંગહપગરણનું પર્યાલોચન

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

પ્રકાશનો—જૈનોના કર્મ-સિદ્ધાન્તના અભ્યાસીને પંચસંગહ( સં. પચસંગ્રહ )નું નામ સૂચવવું પડે તેમ નથી. આ કૃતિ મલયગિરિસૂરિકૃત સંસ્કૃત ટીકા સહિત હીરાલાલ હંસરાજ તરફથી ચાર ભાગમાં ઇ. સ. ૧૯૧૦ ઇત્યાદિમાં પ્રસિદ્ધ થઇ હતી. ત્યાર બાદ ઇ. સ. ૧૯૧૯ માં પાંચ દાર( દ્વાર ) પૂરતું મૂળ અને એને અંગેની મલયગિરિસૂરિકૃત ટીકા "જૈન આત્માનંદ સભા" તરફથી છપાવાઇ હતી. આનો પ્રથમ ભાગ તરીકે ઉલ્લેખ છે. એના પછીના બીજા ભાગો છપાયા હોય તો તે જાણવામાં નથી. આ સંપાદનોમાં વિષયોની સંક્ષિપ્ત સૂચી નથી કે સામાન્ય કોટિની પણ પ્રસ્તાવના નથી તો પછી મલયગિરિસૂરિની ટીકામાંનાં અવતરણોની તારવણી, વિશેષ નામોની સૂચી ઇત્યાદિની તો આશા જ શી રાખવી ? "આગમોદય સમિતિ" તરફથી ઇ. સ. ૧૯૨૭ માં સંપૂર્ણ મૂળ 'પ્રસિદ્ધિ પ્રમાણોની' પૂરેપૂરી સ્વોપજ્ઞ વૃત્તિ સહિત છપાવાયું હતું. એમાં પણ વિષય-સૂચી ઇત્યાદિ નથી.

"મુક્તાબાઇ જૈન જ્ઞાનમંદિર (ડભોઇ)" તરફથી ઉપર્યુક્ત બંને ટીકા સહિત મૂળ બે ભાગમાં ઇ. સ. ૧૯૩૮ ને ૧૯૩૭ માં છપાયેલ છે. પ્રથમ બીજો ભાગ છપાયો અને પછી પહેલો છપાયો એટલે આમ કાલવ્યતિક્રમ છે. બંને ભાગમાં સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે. બીજા ભાગના પ્રારંભમાં બંને ભાગને અંગે સંસ્કૃતમાં દસ દસ પરિશિષ્ટો છે.* તેમાં સાક્ષીરૂપે નિર્દેશાયેલા ગ્રંથોનાં નામો અને ન્યાયોનાં નામ એ બે હું અહીં નોંધું છું. પ્રથમ ભાગમાં

* આ પરિશિષ્ટોની જેમ સ્વોપજ્ઞ ટીકામાં તેમજ મલયગિરિસૂરિકૃત ટીકામાં જે અવતરણો છે તેની અકારાદિક્રમે સૂચી અપાઇ હોત અને સાથે સાથે એનાં મૂળનો નિર્દેશ કરાયો હોત તો આ આવૃત્તિની ઉપયોગિતા અને મહત્તામાં વૃદ્ધિ થાત.

દાંભિક વાતો કરનારા શુષ્કજ્ઞાનીઓ તેના ઉપદેશ દાનના અધિકારી હોતા નથી. તેમજ યોગગ્રંથના ભાવને જે જાણતા નથી અથવા તો પોતાના માયાચારની પોલ પકડાઇ જવાની બીકે જે પ્રકાશતા નથી, અને ખોટી મોટાઇમાં જે મ્હાલે છે, એવા અજ્ઞાની ગુરુઓ પણ તેના ઉપદેશ દાનના અધિકારી થવા સમર્થ નથી. જે પરપરિણતિને પોતાની માની આર્ત્ત ધ્યાનમાં વર્ત્તે છે અને જે ક્રોધ-માનાદિ કષાયથી ભરેલા છે એવા મોહમૂઢ અસદ્ગુરુઓ પણ તેના ઉપદેશદાનના અધિકારી સંભવતા નથી.

"યોગગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોગટ મોટાઇ મન રાખે, તસ ગુણ દૂરે નાસે...ધન્ય તે મુનિવરા રે.
પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે...ધન્ય તે મુનિવરા રે.
શ્રી યશોવિજયજીકૃત સા. ત્ર. ગાથાનું સ્તવન.



( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારિભદ્રીય:ધર્મસારપ્રકરણ ( પત્ર ૧૩ આ ), **શતકબૃહચ્ચૂર્ણિ** ( પત્ર ૧૯ આ ઇત્યાદિ ), **શતકચૂર્ણિ** ( પત્ર ૨૦૦ આ ઇત્યાદિ ), **પંચસંગહસ્વોપજ્ઞટીકા** ( પત્ર ૩૭ અ અને ૨૦૫ અ ) ઇત્યાદિ ગ્રંથોનો **મલયગિરિસૂરિકૃત** ટીકામાં ઉલ્લેખ છે. એવી રીતે બીજા ભાગમાં **સપ્તતિકાચૂર્ણિ**( પત્ર ૨૯૯ આ ઇત્યાદિ )નો ઉલ્લેખ છે.

મૂળ એની સંસ્કૃત છાયા તેમજ એના તથા **મલયગિરિસૂરિકૃત** ટીકાના ગુજરાતી અનુવાદ સાથે બે ખંડમાં " પંચસંગ્રહ " એ નામથી બે ખંડમાં વિ. સં. ૧૯૯૧ ને ૧૯૯૭ માં અનુક્રમે પ્રસિદ્ધ થયું છે. પહેલા ખંડમાં ૭૯૧ ગાથા અને બીજામાં ૬૦૦ ગાથા અપાઇ છે. બંને ખંડમાં ગુજરાતીમાં વિસ્તૃત વિષયાનુક્રમ છે. વિશેષમાં બીજા ખંડને અંગે અનુવાદક શ્રી હીરાલાલ દેવચંદ શાહનું નિવેદન છે અને વિદ્વદ્-વલ્લભ મુનિ શ્રી પુણ્યવિજયજીનો ગુજરાતીમાં આમુખ છે. આ આમુખમાં ભારતીય દર્શન-સાહિત્યમાં તેમજ જૈન દર્શનમાં કર્મવાદનું સ્થાન, જૈન કર્મસાહિત્યના પ્રણેતાઓનો નામોલ્લેખ, જૈન કર્મવાદસાહિત્યની વિશિષ્ટતા, **પંચસંગહ** અને એની વૃત્તિઓનો સંક્ષિપ્ત પરિચય, **પંચસંગહના** કર્તા **ચંદ્રર્ષિ** ' મહત્તર 'નો સમય અને એમની કૃતિઓ તેમજ પ્રસ્તુત અનુવાદને અંગે બે બોલ એમ વિવિધ બાબતો અપાઈ છે. આ પૈકી કેટલીક વિગતોની આલોચના આ લેખમાં આગળ ઉપર કરાશે.

**નામકરણ અને એની સાન્વર્થતા**—પંચસંગહના કર્તાએ-**ચન્દ્રર્ષિએ** આદ્ય ગાથામાં આ કૃતિનું નામ **પંચસંગહ** આપ્યું છે. અંતિમ ગાથામાં આને એમણે પગરણ ( સં. પ્રકરણ ) કહેલું છે. આની સ્વોપજ્ઞ વૃત્તિના અંતમાં આનો ' શાસ્ત્ર ' તરીકે ઉલ્લેખ છે. આ ઉપરથી આ કૃતિને આપણે **પંચસંગહપગરણ** અથવા **પંચસંગ્રહશાસ્ત્ર** એ નામે ઓળખાવી શકીએ.

**પંચસંગહ** નામ જ સૂચવે છે કે એ પાંચના સંગ્રહરૂપ હશે, અને વાત પણ તેમ જ છે એટલું જ નહિ પણ આની બીજી ગાથામાં આ નામની સાન્વર્થતા-યથાર્થતા દર્શાવતાં ગ્રન્થકારે જાતે કહ્યું છે કે-આમાં **સયગ** ઇત્યાદિ પાંચ ગ્રંથોનો **સંક્ષેપ** ( સમાવેશ ) કરાયો છે એથી આ નામ છે અથવા આમાં પાંચ દાર( દ્વાર ) છે, એથી આ નામ છે. આ પાંચ ગ્રંથો કયા તે વિષે સ્વોપજ્ઞ વૃત્તિમાં નિર્દેશ નથી. ફક્ત **શતક**( પા.**સયગ** ) એટલું એક જ નામ અપાયું છે. બાકીનાં નામો માટે તો અત્યારે તો મલયગિરિસૂરિકૃત ટીકાનો જ આશ્રય લેવો પડે તેમ છે. આ સૂરિએ નીચે મુજબ પાંચ ગ્રંથો ગણાવ્યા છે:—

(૧) **શતક**, (૨) **સપ્તતિકા**, (૩) **કષાયપ્રાભૃત**, (૪) **સત્કર્મન્** ( ગુ. **સત્કર્મ** ) અને (૫) **કર્મપ્રકૃતિ**.

**પાંચ દાર ( દ્વાર )**—પાંચ દાર કયા એ તો ગ્રંથકારે ત્રીજી ગાથામાં નિર્દેશ્યા છે. એ ઉપરથી (૧) યોગ અને ઉપયોગની માર્ગણા, (૨) બંધક, (૩) બદ્ધવ્ય, (૪) બંધના હેતુઓ અને (૫) બંધના પ્રકારો એમ પાંચ દાર છે એમ જાણી શકાય છે.

**ભાષા, પરિમાણ, વિષય ઇત્યાદિ**-**પંચસંગહની** રચના જઇણમરહટ્ઠી ( જૈન મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાષ્ટ્રી ) ભાષામાં પદ્યમાં કરાઇ છે. એમાં એકંદર ૯૯૩ ગાથા છે. પ્રારંભમાં વીર જિનેશ્વરને પ્રણામ કરાયો છે. સ્વોપજ્ઞ વૃત્તિવાળી આવૃત્તિ પ્રમાણે પહેલું યોગોપયોગ–માર્ગણા–દ્વાર ૩૩ મી ગાથાએ પૂર્ણ થાય છે. બીજું દ્વાર ૩૪ મી ગાથાથી ( પત્ર ૧૩ આ ) શરૂ કરાઇ ૧૧૮ મી ગાથાએ ( પત્ર ૩૩ આ ) પૂર્ણ કરાયું છે. આ પૈકી ૧૧૭ મી ગાથાની સ્વોપજ્ઞવૃત્તિ( પત્ર ૩૨ આ–૩૩ અ )માં અવતરણરૂપે દસ પાઇય પદ્યો છે. ત્રીજા દ્વારનો પ્રારંભ ૧૧૮ મી ગાથાથી કરાયો છે. આને લગતી ૧૬૯ મી ગાથા પછીનો ક્રમાંક ૫૨, ૫૩ એમ આ દ્વારની છેલ્લી ગાથાનો ક્રમાંક ૬૭ નો અપાયો છે. આનું શું કારણ છે? એ વાત બાજુ ઉપર રાખતાં અને ચાલુ અંક પ્રમાણે વિચારતાં એમ કહી શકાય કે ગા. ૧૧૯–૧૮૫ પૂરતું ત્રીજું દ્વાર છે. ચોથા દ્વારમાં ૧–૨૩ ગાથા છે, અને પાંચમા દ્વારમાં ૧–૧૮૫ ગાથા છે. આમ પાંચ દ્વારમાં *અનુક્રમે ૩૩, ૮૫, ૬૭, ૨૩ અને ૧૮૫ ગાથા છે. એટલે કુલ્લે ૩૯૩ ગાથા છે.

પત્ર ૧૦૯ આથી 'કર્મ–પ્રકૃતિ' નામનો અધિકાર શરૂ કરાયો છે, એની આદ્ય ગાથામાં શ્રુતધરોને પ્રણામ અને બંધન વગેરે કરણો કહેવાની પ્રતિજ્ઞા છે. બંધન–કરણ ( ગા. ૧–૧૧૨ ), સંક્રમ–કરણ ( ગા. ૧–૧૧૯ ), ઉદ્વર્તના–અપવર્તન–કરણ ( ગા. ૧–૨૦), ઉદીરણા–કરણ ( ગા. ૧–૮૯ ), ઉપશમના–કરણ ( ગા. ૧–૬૪ ), અને દેશોપશમના ( ગા. ૧–૭ ), ઉદીરણા–કરણ ( ગા. ૧–૮૯ ), ઉપશમના–કરણ ( ગા. ૧–૬૪ ), અને દેશોપશમના ( ગા. ૧–૭ ), તેમજ નિધત્તિ–નિકાચના–કરણ ( ગા. ૧–૨ ) અને આઠે કરણ ( ગા. ૧. ) એમ આઠ કરણોની કુલ્લે ૪૪૪ ગાથાઓ છે.

પત્ર ૨૦૯ આથી 'સપ્તતિકા' નામના અધિકારનો પ્રારંભ કરાયો છે. એની આદ્ય ગાથામાં એ ઉલ્લેખ છે કે મૂલ પ્રકૃતિઓનું અને ઉત્તર–પ્રકૃતિઓનું સાદિ અને અનાદિ–( તેમજ ધ્રુવ અને અધ્રુવ )ની પ્રરૂપણાને લગતું બંધવિધાન કહ્યું. હવે સંવેધને લગતું બંધવિધાન અમે કહીએ છીએ. આ અધિકારને અંગે ૧૫૬ ગાથા છે.

આમ આ **પંચસંગહ**ના ત્રણ અધિકાર છેઃ પાંચ દ્વારના નિરૂપણરૂપ અધિકાર ( ગા. ૧–૩૯૩ ), 'કર્મ–પ્રકૃતિ' અધિકાર ( ગા. ૧–૪૪૪ ) અને સપ્તતિકા–અધિકાર ( ગા. ૧–૧૫૬ ). એકંદરે ગાથાની સંખ્યા ૯૯૩ છે.

અહીં કોઇ પ્રશ્ન ઉઠાવે કે પાંચ દ્વાર કહેવાની પ્રતિજ્ઞા કર્યા પછી ગ્રન્થકારે આઠ કરણોનો અધિકાર કેમ કહ્યો? તો આનો ઉત્તર આ અધિકારની આદ્ય ગાથામાં ગ્રન્થકારે જાતે જ સૂચવ્યો છે કે સંક્રમ–કરણનો અતિદેશ પહેલાં અનેક સ્થળે ઉદયના અને ×સત્તાના નિરૂપણ પ્રસંગે કરાયો છે એટલે જેનો નિર્દેશ હોય તેનું સ્વરૂપ વિચારવું ઘટે. આથી સંક્રમ–કરણનું પ્રરૂપણ છે અને એના સાહચર્યથી અન્ય કરણોનું પ્રરૂપણ પણ સ્થાને છે.

* જૈન આત્માનંદ સભાવાળી આવૃત્તિમાં ૩૪, ૮૪, ૬૬, ૨૨ ને ૧૮૫ ગાથા ( એકંદર ૩૯૧ ) ગાથા છે.

× સ્વોપજ્ઞ ટીકા( પત્ર ૧૦૯ )માં 'સત્તા' માટે 'સત્કર્મન્' શબ્દનો પ્રયોગ કરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્ષેપ—અધિકારોનો વિચાર કરતાં કર્મપ્રકૃતિ અને સપ્તતિકા એ બે ગ્રંથોનો પંચસંગહમાં સંક્ષેપ કરાયો છે એમ જણાય છે. આ બે ગ્રંથો પૈકી એક તો શિવશર્મસૂરિએ રચેલી અને હરિભદ્રસૂરિએ કમ્મપયડિસંગહણી તેમજ કર્મપ્રકૃતિસંગ્રહણિકા તરીકે નિર્દેશેલી અને સમર્થનાર્થે ઉપયોગમાં લીધેલી કમ્મપયડિ જ હોય એમ લાગે છે. આની સ્પષ્ટ સાબિતી માટે તો કમ્મપયડિ અને અહીં આપેલા 'કર્મપ્રકૃતિ' અધિકારનું, ગાથાની સમાનતા, અર્થ-દૃષ્ટિએ સામ્ય એમ અનેક દૃષ્ટિએ સંતુલન થવું ઘટે. આ કાર્ય કોઇએ કર્યું હોય તેમ જાણવામાં નથી. હું પણ આ કાર્ય અત્યારે તો હાથ ધરી શકું તેમ નથી.

દિટ્ઠિવાયના નિઃસ્યન્દરૂપ જે સિત્તરિને ચંદ્રર્ષિની કૃતિ માનવાની ભૂલ થવા પામી છે અને જે કૃતિનો નિર્દેશ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિસેસણવઇમાં કર્યો છે એ સિત્તરિ (સપ્તતિકા) અત્ર પ્રસ્તુત હશે. આનો અંતિમ નિર્ણય તો આ પ્રાચીન કૃતિની અહીં અપાયેલ 'સપ્તતિકા'-અધિકાર સાથે સરખામણી કરાયા બાદ આપી શકાય. આ સરખામણીનું કાર્ય કોઇએ ન કર્યું હોય તો તે કરવા જેવું છે.

સયગ એ શિવશર્મસૂરિકૃત બંધસયગ જ હશે. જો એમ હોય તો કમ્મપયડિના બંધનકરણની (ગા. ૧૦૨)માં આનો ઉલ્લેખ છે. આ બંધસયગનો પંચસંગહમાં કેવી રીતે સંગ્રહ કરાયો છે એ પણ દાખલા દલીલપૂર્વક કોઇએ વિચાર્યું હોય એમ જણાતું નથી.

આમ છતાં સયગ, કમ્મપયડિ અને સિત્તરિનો પ્રસ્તુત ગ્રંથમાં કોઇ ને કોઇ રીતે સમાવેશ કરાયો છે એમ માની લઇએ તો પણ સત્કર્મન્ અને કષાયપાહુડ એ નામની કોઇ શ્વેતાંબરીય કૃતિ જ આજે ઉપલબ્ધ નથી તો પછી એનો સમાવેશ કેમ થયો છે એ વિષે તો શું કહેવું ?

ડભોઇની આવૃત્તિ પત્ર ૧૧૬ માં સત્કર્મન્ નામના ગ્રન્થનો ઉલ્લેખ છે અને એમાંની એક ગાથાનો અંશ નીચે મુજબ અવતરણરૂપે અપાયો છે:—

"**निद्दादुगस्स उदओ खीण( ग )खवगे परिच्चज्ज**"

આ જ અંશ પત્ર ૨૨૭ માં પણ અપાયો છે અને એના મૂળ તરીકે સત્કર્મગ્રંથનો ઉલ્લેખ છે.

આ બંને બાબત મલયગિરિસૂરિકૃત ટીકામાં છે એટલે એમની સાથે સત્કર્મન્ નામનો ગ્રંથ કે એની આ પંક્તિ રજૂ કરનારી કોઇ કૃતિ હોવી જોઇએ.

દિગંબર આચાર્ય પુષ્પદંત અને ભૂતબલિએ જે છક્ખંડાગમ રચ્યો છે એને જિનરત્નકોશ( ભા ૧, પૃ. ૪૧૧ )માં સત્કર્મપ્રાભૃત કહેલો છે. દિગંબર આચાર્ય ગુણધરે કસાયપાહુડ ( કષાયપ્રાભૃત ) રચ્યું છે અને એ આજે મળે છે. ( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું એ હાર ટોડલો ગળી ગયો ?

## સતી દમયંતીના સત્યની અગ્નિપરીક્ષા.

લેખકઃ—શ્રીયુત મગનલાલ મોતીચંદ શાહ,—વઢવાણકેમ્પ.

( હપ્તો : ૬, ગત વર્ષના પૃષ્ઠ ૨૬૨ થી શરૂ. )

વિપ્ર સુદેવ જેમ જેમ સમાચાર આપતો જાય છે તેમ તેમ મહાસતીના અશ્રુજળો શ્રાવણ ને ભાદરવાની પેઠે વહ્યા જાય છે. રાજમાતા ધૈર્ય આપતા જાય છે ને સુદેવ ત્યાંથી લાવેલા સર્વ સમાચારો આપે છે. વિપ્રની વાણી સાત્વિક ને અસરકારક છે. નળદમયંતીના વનવાસના ખબર ભીમક રાજા અને રાણી વજાવતીએ સાંભળ્યા પછી તેમને જે દુઃખ થયું તેનું વર્ણન વિપ્રના મુખથી સાંભળતાં રાજમાતાને પોતાની બહેન તરફથી લાગણી ઉભરાઈ આવી. બંને બહેનો દશાર્ણદેશમાં પોતાના પિતાને ત્યાં કેવી રીતે ઉછર્યાં તેનું જૂનું સ્વપ્ન આજે તાજું થયું. અને એક બીજાના સૌભાગ્યમાં કેવા કેવા પલટા થયા તેનો ચિતાર ખડો થયો. માબાપવિહોણા બંને બાળકો હિંસક પ્રાણીઓથી બચી મોસાળમાં કેવી રીતે મોટા થયા એ ચિતાર સૌને બહુ આકર્ષક લાગ્યો. નૈષધનાથનાં સમાચાર કોઈને નહીં મળવાથી એ ચિંતાનો વિષય કોઈના અંતઃકરણમાંથી જતો નથી. વિપ્રનું હૃદય પણ ભીંજાયેલું જ છે. નિષધ જેવા દેશનો ધણી, અર્ધ વસ્ત્રે ભૂખ તરસ વેઠતો વનમાં ભમે અને રૂપ, ગુણ અને જ્ઞાનના ભંડારસમી, ચંદ્રની શીતળ રજની સમ શોભતી, મૂલ્યવાન આભૂષણ વિના પ્રકૃતિથી જ દીપી નીકળતી મહાસતી વનવાસનાં ભારે દુઃખો ખમે એ બનાવ સૌ સાંભળનારને આઘાતરૂપ જ લાગતો.

વિપ્ર સુદેવ જ્યારે રાજમાતા પાસે દમયંતીના ગૌરવનું અને કપાળના તિલકનું વર્ણન કરે છે ત્યારે તો રાજમાતાના મનમાં કોઈ અવનવા વિચારોનો પ્રવાહ ખડો થઈ જાય છે.

આ તિલકધારી મહાસતી પોતાને ત્યાં દાસી તરીકે દિવસ નિર્ગમન કરે એ વસ્તુ રાજમાતાના હૃદયમાંથી ખસતી નથી.

રાજમાતા—મહારાજ, તમારા આવાગમનથી અમે બહુ ખુશી થયા છીએ. બહુ લાંબે વખતે મારાં બહેન બનેવી અને ભાણેજોના શુભ સમાચાર સાંભળી અમને ઘણું જ સુખ થયું. જેને માટે અમે ટળવળતાં હતાં તેમજ જેની અમે વરસાદના માફક રાહ જોઈ રહ્યા હતા, તે સમાચાર આજે તમારા મુખથી સાંભળતાં અમને ઘણું જ આશ્વાસન મળ્યું.

સુદેવ–માતાજી, કોઈ ભાગ્યયોગે જ મારે અહીં આવવાનું બની ગયું. દમયંતીની શોધમાં હું ઘણા દેશો ફર્યો, પરંતુ તેમાં સફળતા નહીં મળવાથી નિરાશામાં ને નિરાશામાં અટન કરતાં કરતાં રાત્રિના સમયે આ નગરીના ગઢ સુધી આવી પહોંચ્યો. ગઢના દરવાજા બંધ હતા, જેથી આખી રાત્રિ દરવાજા બહાર પસાર કરી. પ્રભાત થતાં જોયું તો કોઈ સુંદર કારીગરીવાળાં દરવાજાના કમાડ ઉઘડેલાં જણાયાં, ગઢની રચના જોતાં સ્તબ્ધ થઈ ગયો. નગરીનો વૈભવ જોતાં અંદર આવવાની હિંમત થાય નહિ. જેથી બીજા પ્રદેશો તરફ જવાના તરંગો આવવા લાગ્યા. દમયંતી અહીં હોય એ સ્વપ્નેય પણ ધારી શકાતું નહોતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારું ધારવું એવું હતું કે જંગલનાં હિંસક પશુ-પ્રાણીઓથી, તાપટાઢથી અને ભૂખ-તરસથી આ મહાદેવી કેવી રીતે બચી હશે ? અનાર્ય પ્રદેશમાંથી તે કેમ જીવતી રહી હશે ? કદાચ જીવતી હોય તો આવી ઇંદ્રપુરી જેવી નગરીમાં તો તે ક્યાંથી જ હોય ? આ નગરીનો કોઇ જીવ દુઃખી લાગતો નથી તો વનવાસ ભોગવતી દમયંતીને આ નગરીના સુખનો ઉદય ક્યાંથી હોય ? આ વિચારમાં હું આ નગરી છોડીને આગળ જવાની તૈયારી કરતો હતો તેવામાં લોકોમાં બોલાતા કેટલાક શબ્દો કર્ણગોચર થયા. " **ટોડલો ફાટયો ને હાર જડ્યો** " "**સતીએ સતીત્વ પ્રગટ કર્યું અને રત્નની વૃષ્ટિ થઇ**" આ ધ્વનિ સાંભળતાં આ નગરીમાં પ્રવેશવાની પ્રેરણા થઇ. નગરીમાં પેસતાં જ કામધેનુ સરખી, પગે અને ડોકે ઘુઘરમાળ બાંધેલી "સવચ્છી ગાય" સામી મળી. અમારા બ્રાહ્મણ મત પ્રમાણે એ મને શુભ શુકન જણાયા ને હું આગળ ચાલ્યો. ઘણાં ઘણાં બજારો અને શેરીઓ જોયાં. એમ કરતાં કરતાં આ રાજદરબારગઢ નજીક આવી પહોંચ્યો. ત્યાં ઘણા માણસો જતાં આવતાં જોવામાં આવ્યાં, તેમની સાથે હું પણ જોડાયો. મેં ધાર્યું કે આ માણસો ખાનપાનની અને બીજી અનેક વસ્તુઓ લઇને પાછા ફરે છે, તો મને પણ કાંઇક ખાનપાન આદિ મળશે, એ ઇચ્છાએ હું લોકોની સાથે દાનશાળા સુધી આવી પહોંચ્યો. વિધવિધ પ્રકારનું અપાતું દાન જોઇને પ્રથમ તો હું દિગ્મૂઢ જ થઇ ગયો. દાન આપનાર તરફ દૃષ્ટિ જતાં જ તેજસ્વી તિલકવાળી એક મહાદેવી જોવામાં આવી. મનમાં થયું કે-શું આ દમયંતી હશે ? આવા મહાન્ સ્થાન પર એ ક્યાંથી હોય ? એ વિચારમાં ને વિચારમાં હું કાંઇ લઇ શક્યો નહિ, અને ધારી ધારીને જોતાં મનને નિર્ણય થયો કે એ જ દમયંતી. શરીર ઘણું કૃશ થઇ ગયેલું પણ પ્રભા છાની રહે તેમ નહોતું. મુખથી ગંભીરતા અને સાત્વિક દૃષ્ટિ જોનારને તરી આવતી. સાધુતાના સાધુસાત્રમાં શ્વેત વસ્ત્રોનો ઉમેરો થનો જણાયો. આમ ઇશ્વરની કૃપાએ તમારો સૌનો સમાગમ થયો અને મારી મહેનત બર આવી. " **મનુષ્ય યત્ન અને ઇશ્વર કૃપા** " એ સત્યનો મને અહીં અનુભવ થયો. આજે દમયંતીને જોઇને મને બહુ હર્ષ થાય છે કે જગત્નિયંતાએ તેને સમુદ્રપાર ઉતારી છે, તેમજ આજે આવા પરમ-ભાગ્યવાન્ નૃપને ત્યાં આટલું માનભર્યું સ્થાન ભોગવે છે, એ જોઇને તો મારા આશ્ચર્યનો કોઇ પાર રહેતો નથી.

રાજમાતા—મહારાજ, દમયંતી અહીં આવી ત્યારે એટલી બધી દુઃખી હાલતમાં હતી કે તેને જોઇને અમને ઘણી દયા આવી. અને અમે અમારા દરબારમાં રાખી. ચીંથરે હાલ હોવાથી તેમજ શરીર ઘણું કૃશ અને કાળું પડી જવાથી અમે તેને ઓળખી શક્યા નહીં, કેમકે તેને જોયાં ઘણાં વર્ષ થઇ ગયાં હતાં. વળી તેણે પોતાનું નામ ઓળખાણ પણ આપ્યાં નહિ. અને દાસી તરીકે રહેવા ખુશી બતાવી. અમે તેને દાસી કહીને જ બોલાવતા. અહાહા ! મહારાજ બેનની દીકરીને દાસી કહેનાર માસીએ કેટલું પાપ બાંધ્યું હશે ?

ઇંદુમતી—ભૂદેવ ! અમારાથી એક ઘણું અઘટિત કાર્ય બની ગયું, મેં તેના ઉપર હાર ચોરી જવાનું આળ પણ મૂક્યું, કહો ! મેં કેટલો અપરાધ કર્યો કહેવાય ?

સુનંદા—વિપ્રદેવ ! રાજધેનથી અમે કર્તવ્યમાં ભૂલ્યા છીએ તેના પસ્તાવાનો કાંઇ પાર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજમાતા—મહારાજ ! ઇંદુમતીએ નહાવા જતી વખતે તેનો રત્નનો હાર ટોડલે ટીંગાડી દમયંતીને સાચવવાનું કહ્યું. દમયંતી બરાબર સાચવે છે તેમાં તેની ગફલત જરાપણ થઇ નથી, તેમજ બહારથી કોઇ માણસ આવ્યું નથી અને હાર અદૃશ્ય થઇ જાય છે ( ટોડલો ગળી જાય છે. ) ઇંદુમતી જુએ છે તો હાર દેખાતો નથી. જેથી દમયંતીએ લીધો હોય તેવી સ્વાભાવિક રીતે જ શંકા થાય છે, અને ઇંદુમતી દમયંતી ઉપર હાર ચોરી જવાનું તહોમત મૂકે છે. દમયંતી પોતાના ઉપર આવેલી આફત માટે પ્રભુની પ્રાર્થના કરે છે અને લેનારને શ્રાપ આપે છે કે તુરત જ ટોડલો ફાટે છે અને હાર નીકળી પડે છે. તેની સાથે સતી ઉપર દૈવી પુષ્પની વૃષ્ટિ થાય છે. આ બનાવ પછી જ અમારા જાણવામાં આવ્યું કે આ મારી બેનની દીકરી દમયંતી છે, અને વનવાસને કારણે આ સ્થિતિમાં આવી ગઇ છે. મહારાજ ! આ જાણ્યા પછી અમને પસ્તાવાનો પાર રહ્યો નથી.

સુદેવ—માતાજી ! જે બનવાનું હોય છે તે મિથ્યા થતું નથી. દમયંતીનો આ કર્મયોગ કોઇથી ટાળી શકાય નહિ. વનવાસનાં દુઃખો અને તમારે ત્યાં દાસીપણે રહેવાનું નિમિત્ત કેમ ટળી શકે ? સંસારયાત્રાનો ૠણાનુબંધનો યોગ સૌને પૂર્ણ કરવાનો હોય છે. ખરી રીતે તો તમે તેને જાણતાં નહોતાં એટલે ન્યાયભાવે તમારો ધર્મ તમે બજાવ્યો છે. વળી દાસી છતાં સારી રીતે પાલન કર્યું છે, અને આજે તમે સૌ તેને બહુ માનથી ચાહો છો એ જ તમારું સૌજન્ય છે. હું તો ધારું છું કે તમારા કરતાં તે બીજે કોઇ ઠેકાણે વધારે સુખી ન હોત, માતાજી ! હવે તેને મારી સાથે તેના માતાપિતાને ત્યાં મોકલવાની તૈયારી કરો. મને શોધ કરતાં કરતાં ઘણા દિવસો લાગી ગયા છે. રાજા ભીમક અને રાણી તેમજ પ્રજાજન બહુ જ ઉચાટ કરતા હશે. નિયત સમયે મારે ત્યાં પહોંચવું જ જોઇએ, નહિ પહોંચું તો રાજા રાણીના દુઃખનો કોઇ પાર રહે નહિ.

રાજમાતા—ભાઇ સુદેવજી ! બહુ લાંબા દેશાંતરથી આવ્યા છો અને પરિશ્રમ પણ બહુ વેઠયો છે, માટે બે ચાર દિવસ અત્રે વિશ્રાંતિ લ્યો. હું બહેનને માટે રસ્તામાં જોઇતી બધી સામગ્રી તૈયાર કરાવું છું ત્યાં સુધી આ નગરીનું નિરીક્ષણ કરો.

સુદેવ—માતાજી ! આપની નગરી સ્વર્ગપુરી સમી છે, જ્યાં લક્ષ્મી અને સુખ વૈભવનો પાર નથી. અહીંનાં રમણીય સ્થાનો જોવા જેવા જ છે, એક જોતા જ બીજી વસ્તુ ભૂલી જવાય છે. ઘણો વખત ફર્યો ત્યારે મહામુશ્કેલીએ જ આ રાજદરબાર હાથ આવ્યો.

રાજમાતા—મહારાજ ! તમારા માટે સ્નાન, સંધ્યા અને ભોજનની સર્વ સામગ્રી તૈયાર છે તેમજ આરામ અને આનંદજનક સાધનો પણ ત્યાં મૂકાવ્યાં છે, તેનો ઉપયોગ કરો. હું દમયંતીને તૈયારી કરાવું છું. તમને પ્રભુભજન અને સત્સંગ થાય તેવી પણ ગોઠવણ કરાવી છે, તો સુખેથી પધારો.

આ સાંભળી સુદેવ પોતાને માટે નિયત કરેલા બાદશાહી સ્થાનમાં જઇ ભોજન આદિથી પરવારી વિશ્રાંતિ લે છે, અને રાજવહીવટ તથા બીજી સાહ્યબીનું નિરીક્ષણ કરી પોતાના રાજાને આપવાના હેવાલો હૃદયમાં ગોઠવે છે. સત્સંગ મંડળી પણ ત્યાં હાજર છે એટલે ભજન-કીર્તનમાં આ મજેનો સમય પસાર કરે છે, અને દમયંતી પોતાના માતા-પિતાને ત્યાં જવાની તૈયારી કરે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વ. જ્યોર્જ બર્નાર્ડ શૉ : એક પ્રસંગ.

જાણીતા વિશ્વમાન્ય લેખક જોર્જ બર્નાર્ડ શૉનું ૯૪ વરસની વયે વિલાયતમાં અવસાન થયું છે. એમના આ અવસાનથી જગતના સાહિત્યને ભારે ખોટ પડી છે. તેઓ અસાધારણ ઉચ્ચ કક્ષાના પ્રતિભાશાળી લેખક હતા. દુનિયાની ઘણી ભાષામાં એમની કૃતિઓનાં ભાષાન્તર થયાં છે. તેઓ આયરીશ હતા અને આયર્લેંડમાંથી ઇંગ્લાંડ આવી લંડનમાં રહ્યા હતા. તેઓએ કેટલીક નવલિકાઓ લખ્યા પછી સંગીત અને ચિત્રકળાના વિષય ઉપર વર્તમાન પત્રોમાં ઊંચા પ્રકારની વેધક ચર્ચા કરવાનું શરૂ કર્યું હતું, અને ત્યારપછી એમણે નાટકો લખવા માંડયા હતાં. એમ કહેવાય છે કે—એમણે આજસુધીમાં ચાર કરોડ શબ્દો લખ્યા છે. એમનાં નાટકોમાં સંત જોઅન નામના નાટકે એમને અપ્રતિમ કીર્તિ અપાવી અને એમને નોબલ પ્રાઇઝ મળ્યું. શેક્સપીયરનાં નાટકોમાં હેમલેટ જેમ ઉત્તમ ગણાય છે, તેમ શૉની નાટયકૃતિઓમાં સંત જોઅન ઉત્તમ પ્રતિનું ઐતિહાસિક નાટક ગણાય છે. દુનિયાની ઘણી ભાષાઓમાં આ નાટકનાં ભાષાન્તર થયાં છે.



( બ્લોક " ભાવનગર સમાચાર "ના સૌજન્યથી )

આજથી ૧૮ વરસ પહેલાં શ્રીયુત અનંતરાય પટ્ટણીએ ગુજરાતીમાં આ નાટકનું ભાષાન્તર કરી તેને પ્રકટ કર્યું હતું. આ ભાષાન્તરનો આમુખ ( Foreword ) બર્નાર્ડ શૉએ ઘણા સદ્ભાવથી લખી આપ્યો હતો. શૉ દંપતી જ્યારે દુનિયાની મુસાફરીએ નીકળ્યાં ત્યારે મુંબઇમાં સને ૧૯૩૩ ના જાનેવારીમાં એક અઠવાડીયું રહ્યા હતા. આ દરમિયાન સ્વ. બર્નાર્ડ શૉએ સંત જોઅનની આ પ્રસ્તાવના લખી આપી હતી. મુંબઇમાં લાગલાગટ ત્રણ દિવસ સુધી તેઓએ શ્રીયુત અનંતરાય પટ્ટણી સાથે ફરી એલીફન્ટાની ગુફાઓ તથા જુદાં જુદાં દેવમંદિરો વગેરેની મુલાકાત લીધી હતી. આ બધાં મંદિરોની મુલાકાત લીધા પછી શૉએ શ્રી અનંતરાય પટ્ટણીને કહેલું કે આ બધામાં મારું સ્થાન કયાં છે, તે વિચારી જોતાં મને લાગે છે કે હું જૈન છું. ( મેજર બાર્બરાના નાટકને ફીલ્મમાં ઉતારતી વખતે તેમણે જે ફેરફારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં કર્યા હતા તેમાં વિલાયતના એક ગામમાં ખ્રીસ્તી ધર્મનાં જુદાં જુદાં મંદિરો દેખાડવાની સાથે **જૈન મંદિરને** પણ મહત્ત્વનું સ્થાન આપ્યું છે.)

( " ભાવનગર સમાચાર " માંથી ઉદ્ધૃત )

* * *

## મુંબઇનો એક પ્રસંગ

અમે પાયધુની આવ્યા. અહિં શ્રી. ગોડી પાર્શ્વનાથજીના મંદિર પર તેમને હું લઇ ગયો. પહેલી જ વાર જિંદગીમાં તેમણે જૈન મંદિરમાં પગ મૂકયો અને જૈનમંદિર અને તેના વાતાવરણનું બારિકાઇથી નિરીક્ષણ કર્યું. ચારે બાજુ જોઇ લીધા પછી અમે પાછા નીચે આવ્યા. મેં તેમને સૂચના કરી કે-બીજું પણ એક સરસ જૈનમંદિર છે. જો સમય હોય તો ત્યાં જઇએ. તે પોતે તત્પર જ હતા. ત્યાંથી અમે વાલકેશ્વર ઉપર બાબુના મંદિર પર ગયા. તે મંદિર જોઇને તથા ફરતાં સૃષ્ટિસૌંદર્યના દૃશ્યો જોઇને ખૂબ પ્રસન્ન થયા. અહિ મૂળનાયકજીની મૂર્તિ મોટી હતી તેથી મૂર્તિ નિરખવાનું તેમને ઠીક પડયું. મૂર્તિમાં પદ્માસનથી બિરાજેલ ધ્યાનસ્થ યોગીની મુદ્રા છે તે તેમને સમજાવી. પછી ગર્ભદ્વાર બહાર ફરતાં ગોખલામાં દેવ-દેવી-યક્ષ ઇ૦ વિવિધ મૂર્તિઓ હતી તે પર તેમનું ધ્યાન ગયું.

આ રીતે જૈન મંદિર જોવાની તેમની હોંશ પહેલી વાર પાર પડી. તેમને જૈન ધર્મ અંગે આદર અને ઉત્સાહ હતો અને વિશેષ ઘણું જાણવા ઇચ્છતા હતા. તેમાંનું તેમને કંઇક મળ્યું.

એક સહસ્રાર કમળની આકૃતિ પર પ્રત્યેક પાંદડીએ નૃત્ય દર્શાવતાં સમગ્રપણે રાસ દેખાડેલો છે. આવું અદ્ભૂત નૃત્ય-શિલ્પ જોતાં અમારી ચર્ચા મેડમ પાવલોવાના નૃત્ય પર ચડી. બધો સંગ્રહ જોયા પછી શ્રી શૉએ પુછયું કે-" આ બધું કયાં છે? અહીંથી કેટલે દૂર છે? ત્યાં જઇ શકાય? કેટલો વખત લાગે? ઇ૦-". મેં બધી માહિતી આપી. સોળ કલાક ટ્રેન ને બસમાં-ને બે દિવસ જોવામાં જાય. ત્યાં બધી વ્યવસ્થા થઇ શકે છે. પછી ત્યાંથી પાછા મુંબઇ કે આગ્રા-દિલ્હી પણ સીધા જઇ શકાય. ખેદપૂર્વક તે બોલ્યા કે "મને પહેલેથી ખબર જ નહી કે મુંબઇની નજીકમાં આવું આબુના મંદિરોનું ભવ્ય શિલ્પ છે. આવું ઉત્તમ સ્થળ પાસે જ છે-હવે તેને મારા ક્રમમાં દાખલ નથી કરી શકતો."

શ્રી શૉ શાકાહારી હતા તેની મને તે વખતે ખૂબ નવાઇ હતી. તેમનો ઘણો ખરો આહાર ફળનો હતો. પશ્ચિમમાં આવા પ્રકારના માણસોનો-દેહ-વર્ણ-કાન્તિ સ્ફુર્તિ કેવી હશે તેનું કૌતુક હતું. તેમનું સ્વાસ્થ્ય-ઉલ્લાસ જોઇ મને ખૂબ આનંદ થયો હતો. આ સમયે તેમની ઉમ્મર આશરે ૭૭ વર્ષની હતી. તેજદાર આંખો એ સમયે અવનવી વિશિષ્ટતા હતી. આજની તકે આ સ્મરણો યાદ કરતાં સ્વ. સર પ્રભાશંકર પટ્ટણીને પણ હું યાદ કરું છું.
("પ્રબુદ્ધ જૈન" તા. ૧૫-૧૧-૫૦ માંથી ઉદ્ધૃત.) **હીરાલાલ અમૃતલાલ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા........સમાચાર.

## જ્ઞાનપંચમી અને પૂજા.

કાર્તિક શુદિ પાંચમના રોજ સભામાં જ્ઞાન પધરાવવામાં આવેલ, જેના દર્શનનો સારી સંખ્યામાં ભાવુકોએ લાભ લીધો હતો. છઠ્ઠના દિવસે સવારના નવ વાગે જ્ઞાન સમીપે **પંચજ્ઞાનની** પૂજા ભણાવવામાં આવેલ અને બપોરના ચાર વાગે સ્વ. ભાઈશ્રી પ્રભુદાસ જેઠાભાઇ તરફથી સભાસદોને ચા-પાન કરાવવામાં આવેલ.

## પૂજા ભણાવવામાં આવશે.

આવતી પોષ શુદી અગિયારશ ને ગુરુવારના રોજ **સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીના** છઠ્ઠા સંવત્સરી દિન-પ્રસંગે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી છોટાલાલ નાનચંદ તથા બેન જશકુંવર કુંવરજી તરફથી પૂજા ભણાવવામાં આવશે.

# પ્રકીર્ણ.

## અમી ઝર્યું.

સ્વર્ગસ્થ શાસન-સમ્રાટ્ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તેમની જન્મભૂમિ મહુવામાં તેમના જન્મ દિવસે તે જ જન્મસ્થાનમાં ગત સં. ૨૦૦૫ ના દીવાળીના દિવસે સ્વર્ગસ્થ થયા બાદ તેમની ચરણ-પાદુકા સ્થાપન કરવામાં આવેલ તે સ્થળે સં. ૨૦૦૬ ના આસો વદિ ૧૦ બીથી વદિ ૦)) સુધી ચરણપાદુકામાંથી અમી ઝરેલ, જે અમીને બોટાદ, ભાવનગર, વેરાવળ વિગેરે સ્થળે લઇ જવામાં આવેલ. આ ચમત્કારથી લોકોની શ્રદ્ધા વધવા સાથે સ્વ. આચાર્યશ્રી પ્રત્યે અનહદ ભક્તિભાવ વૃદ્ધિંગત થયેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગણિપદ-પ્રદાન-મહોત્સવ.

સ્વ. આચાર્યમહારાજશ્રી વિજયનેમિસૂરિજી મહારાજની શિષ્યપરંપરામાં આ વર્ષે નીચે પ્રમાણે ગણિપદ-પ્રદાન કરવામાં આવેલ છે. તે સર્વ મુનિવરોએ નિર્વિઘ્ને શ્રી ભગવતીજીસૂત્રના યોગ-વહન કરેલ હતા.

**સુરેન્દ્રનગર**—આચાર્યમહારાજશ્રી વિજયદર્શનસૂરિજી તથા આચાર્યમહારાજશ્રી વિજયોદયસૂરિજી આદિની નિશ્રામાં મુનિશ્રી **કમલવિજયજી**, મુનિશ્રી **જિતવિજયજી**, મુનિશ્રી **સુપ્રસન્નવિજયજી**, મુનિશ્રી **મોતીવિજયજી**, મુનિશ્રી **મેરુવિજયજી**, મુનિશ્રી **શિવાનંદવિજયજી**, મુનિશ્રી **કાંતિવિજયજી**, મુનિશ્રી **દેવવિજયજી** તથા મુનિશ્રી **જયાનંદવિજયજી** આદિ નવ ઠાણા.

**અમદાવાદ**—આચાર્યમહારાજશ્રી વિજયઅમૃતસૂરિજી તથા આચાર્યમહારાજ શ્રી વિજયપદ્મસૂરિજીની નિશ્રામાં મુનિરાજશ્રી **રામવિજયજી**, મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** તથા મુનિરાજશ્રી **સુરેન્દ્રવિજયજી** આદિ ત્રણ ઠાણા.

**બોટાદ**—આચાર્યમહારાજશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી તથા આચાર્યમહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજીની નિશ્રામાં મુનિશ્રી **યશોભદ્રવિજયજી**.

**વેરાવળ**—આચાર્યમહારાજશ્રી વિજયલાવણ્યસૂરીજીની નિશ્રામાં મુનિરાજશ્રી **દક્ષવિજયજી** તથા મુનિશ્રી **સુશીલવિજયજી** આદિ ઠાણા બે.

આ પ્રમાણે પંદર મુનિરાજોને કાર્તિક વદિ છઠ્ઠના રોજ ગણિપદ-પ્રદાન કરવામાં આવેલ તે પ્રસંગે દરેક સ્થળે મહોત્સવો કરવામાં આવેલ તેમજ સુરેન્દ્રનગર અને વેરાવળ-ખાતે સાથોસાથ દીક્ષા મહોત્સવ પણ થયેલ

# શતાવધાન.

લગભગ બસો વર્ષથી આપણા મુનિ-સમુદાયમાં અવધાનના પ્રયોગ કરવામાં આવેલ નથી. પૂર્વે ભૂતકાળમાં શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજાએ તો સહસ્રાવધાન કરી સૌ કોઇને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધેલ ત્યારબાદ કાળાંતરે ઉપાધ્યાય શ્રી સિદ્ધિચંદ્રજી, ઉપાધ્યાય ભાનુચંદ્રજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અવધાનો કરી અધ્યાત્મ વિદ્યાનો સાક્ષાત્કાર કરાવેલ.

આ વર્ષે મુંબઇખાતે બિરાજતા પૂ. પા. આચાર્યમહારાજ શ્રીવિજયપ્રતાપસૂરિજી મહારાજશ્રીના શિષ્ય ઉપા. શ્રી ધર્મવિજયજી મહારાજજીના શિષ્ય મુનિ શ્રી **યશોવિજયજી** મહારાજશ્રીના બાળબ્રહ્મચારી, સાહિત્ય-વ્યાકરણાચાર્ય શિષ્ય મુનિ શ્રી **જયાનંદવિજયજી** મહારાજે માત્ર છવીશ વર્ષની લઘુવયે, સં. ૨૦૦૭ ના કાર્તિક શુદિ ૧૦ ને રવિવારે ગોડીજી ઉપાશ્રયમાં સફળ રીતે શતાવધાન કરી મુંબઇની પંચરંગી પ્રજાને હેરત પમાડી દીધી હતી. અમો મુનિશ્રી જયાનંદવિજયજીએ મેળવેલ આ સિદ્ધિ માટે અનુમોદના કરીએ છીએ અને તેઓશ્રી પોતાના આ સ્મરણશક્તિના ક્ષેત્રમાં વિશેષ વિકાસ સાધે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આવાગમન ને સભાની મુલાકાત.

ત્રીશ વર્ષના લાંબા સમય બાદ પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી **વિજયપ્રેમસૂરિજી** મહારાજ તથા પૂજ્ય આચાર્યમહારાજશ્રી **વિજયરામચંદ્રસૂરિજી** પોતાના શિષ્યપરિવાર સાથે સં. ૨૦૦૭ ના કાર્તિક વદિ ૧૦ ના રોજ ભાવનગર પધાર્યા હતા, જ્યારે ભાવનગરના શ્રી સંઘે સુંદર સામૈયું કર્યું હતું. તેઓશ્રીએ શ્રી સમવસરણના વંડે થોડા દિવસ સ્થિરતા કરી હતી. આચાર્ય મહારાજ શ્રી વિજયરામચંદ્રસૂરિજીના વ્યાખ્યાનમાં માનવમેદની સારા પ્રમાણમાં હાજરી આપતી હતી. તેઓશ્રીની વૈરાગ્યવાહિની દેશના આકર્ષક હતી.

કાર્તિક વદિ ०)) ને શનિવારના રોજ બપોરના તેઓશ્રી સર્વ સાધુગણ સાથે આપણી સભાએ પધાર્યા હતા, જે સમયે સભાની લાઇબ્રેરી, પુસ્તક પ્રકાશનકાર્ય અને અન્ય વ્યવસ્થા જોઇ પ્રસન્ન થયા હતા. સભાના પ્રમુખ શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીએ સભાની કાર્યવાહીની માહિતી આપી હતી. આ પ્રસંગે સભાસદોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી.

માગશર શુદિ ૨ રવિવારના રોજ આચાર્ય મહારાજાદિ સર્વ સાધુગણ શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠના બંગલે પધાર્યા હતા, જ્યાં વ્યાખ્યાન સમયે જૈન-જૈનેતર ગૃહસ્થોની સારા પ્રમાણમાં હાજરી હતી. શ્રી ગજાનનભાઇ, શ્રી હરજીવનદાસ કાલિદાસ, પ્રિન્સીપલ પ્રતાપરાય મોદી, શ્રી રામરાયભાઇ વકીલ, શ્રી મૂળચંદભાઇ પારેખ આદિ વિદ્વાનો પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના પ્રવચનથી અત્યંત મુગ્ધ બન્યા હતા.

માગશર શુદિ બીજના રોજ તેઓશ્રી ઘોઘા યાત્રાર્થે પધાર્યા હતા જ્યાંથી આચાર્યમહારાજશ્રી વિજયપ્રેમસૂરિજીએ મુંબઇ તરફ વિહાર કર્યો છે. જ્યારે આચાર્યમહારાજશ્રી વિજયરામચંદ્રસૂરિજી માગશર શુદિ આઠમના અત્રે પુનઃ પધાર્યા છે અને થોડો સમય સ્થિરતા કરી દીલ્હી તરફ વિહાર કરશે.

# મહર્ષિ અરવિંદ.

શ્રી અરવિંદના જીવનનો અણધાર્યો અંત આવ્યો તેના થોડા દિવસો પહેલાં જ એમને મળવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. તેઓ આપણા દેશને ઉજ્જવલ બનાવનાર વિરલ આત્મા હતા. એમનો સંદેશ માનવ સમાજ માટે હંમેશાં પ્રેરણારૂપ રહેશે.

ના. મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી.

ગયા સોમવારે તા. ૪ થી ડીસેમ્બરે રાત્રે દોઢ વાગે મહર્ષિ અરવિંદ ઘોષનો ૭૯ વર્ષની વયે પોંડીચેરીમાં દેહોત્સર્ગ થયો છે. આ ભૂમિ આધ્યાત્મિક પુરુષોને નિવાસ કરવા યોગ્ય ન રહી હોય એમ મહાત્માજી પછી રમણ મહર્ષિ અને તદનંતર અતિ અલ્પકાળમાં અરવિંદ પંચત્વને પામ્યા છે. આ એક આપણા દેશનું દુર્ભાગ્ય છે.

અલીપુર બોમ્બ કેસમાં અરવિંદને કારાગારમાં જગતની એક એવી શક્તિની પ્રતીત થઇ કે જેમાં એમણે પોતાનુ ભૂતકાલીન ઉદ્દામ રાજકારણી જીવન વિલીન કરી દઇ, સમગ્ર શેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન એ શક્તિની સાધનામાં વ્યતીત કર્યું, એનો સાક્ષાત્કાર કર્યો અને એનાં આંદોલનોનો એમણે સેંકડો બલ્કે હજારો મનુષ્યજીવનમાં સંચાર કર્યો. ઘણાં માણસો શ્રદ્ધાપૂર્વક માને છે કે ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં અરવિંદની આધ્યાત્મિકતાનો પ્રબળ હિસ્સો છે. એટલું ખરૂં છે, કે જગતમાં રાજદ્વારી પુરુષો જ્યાં વિરામ પામે છે કિંવા થાકે છે ત્યાં આધ્યાત્મિક વ્યક્તિઓ અપ્રકટ રીતે લોકમાનસને દોરે છે. મહર્ષિ અરવિંદ આ કક્ષાના દ્રષ્ટા હતા. જ્યાં પ્રાકૃત મનુષ્યોનાં મન, વાચા અને દૃષ્ટિ ગતિ કરી શકતાં નથી ત્યાં આધ્યાત્મિક વ્યક્તિઓ સહજ પહોંચી શકે છે. અને જગતને સદાચાર, નીતિ અને મૈત્રીને માર્ગે વાળે છે. કેમકે ઇશ્વરનિષ્ઠ પુરુષોની ભાષા જગતમાંથી પરસ્પરનો વિરોધ નષ્ટ કરી ઐક્ય સ્થાપે છે.

છેલ્લાં ચાલીશ વર્ષ પર્યંત એકાગ્રતા અને મનોનિગ્રહથી મહર્ષિ અરવિંદે **'आत्मना विन्दते वीर्यं, विद्यया विन्दतेऽमृतम्'** પોતાના આત્માના યોગે સામર્થ્ય પ્રાપ્ત કર્યું અને 'પૂર્ણયોગ'ની વિદ્યાથી અમૃતત્વ મેળવ્યું. મેળવ્યું જ નહીં, પણ એ સામર્થ્ય અને વિદ્યાની શક્તિથી એમણે જગતને 'ચેતના'નું ભાન કરાવ્યું. આત્માના વિકાસને રૂંધનારાં બંધનોનો નાશ કરી, સર્વત્ર વ્યાપક એવી 'ચેતના' શક્તિમાં વ્યક્તિએ લીન થઇ જવાનો એમનો ઉપદેશ હતો. ("ભાવનગર સમાચાર"માંથી.)

---

## ખેદકારક સ્વર્ગવાસ.



ત્રિપુટી મહારાજના નામથી ઓળખાતા મુનિરાજશ્રી દર્શનવિજયજી, મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી અને મુનિરાજશ્રી ન્યાયવિજયજી પૈકી મહત્ત્વના અંગ સમા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ હૃદયરોગના હુમલાને કારણે સં. ૨૦૦૭ ના માગસર શુદિ ત્રીજ (ચોથ)ને મંગળવારને દિવસે સાંજે અમદાવાદખાતે નાગજી ભુદરની પોળમાં કાળધર્મ પામ્યાના ખેદકારક સમાચાર જાણી અત્યંત શોકની લાગણી પ્રસરી છે. સ્વર્ગસ્થ મુનિરાજ સાહિત્યના અનન્ય ઉપાસક હતા. મુનિજીવનની ચર્યા ઉપરાંત સાહિત્ય તેમનો શોખનો વિષય હતો અને અત્યાર સુધીમાં તેઓશ્રીએ પટ્ટાવલી સમુચ્ચય, જૈન તીર્થોનો ઇતિહાસ, લછવાડ વિગેરે ઘણાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે.

આપણી સભા પરત્વે તેઓશ્રીનો અપ્રતિમ અનુરાગ હતો અને સભાના સાહિત્ય પ્રકાશનમાં અવારનવાર સૂચનો પણ કરતાં. "પ્રકાશ" ને લેખોથી સમૃદ્ધ બનાવતાં. અમો સ્વર્ગસ્થ મુનિરાજનાં કાર્યોની અનુમોદના કરીએ છીએ અને તેમના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગરનિવાસી શેઠ દામોદરભાઇ ત્રિકમજી સં. ૨૦૦૭ ના કાર્તિક વદી ૦)) ને શનિવારના રોજ ટૂંક બીમારીમાં ૬૯ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. સદ્‌ગત ભક્તિભાવવાળા હતા અને જિનપૂજામાં વિશેષ સમય રોકાતા. સ્વભાવે ભદ્રિક અને સરલ સ્વભાવી હતી. વર્ષોથી સભાના લાઇફમેમ્બર હોવા ઉપરાંત સભાના હિતચિંતક હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

---


## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ— મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ ત્રણ આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

### શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે પૂજાનો અર્થ સ્વ શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## સભાના સભાસદોને ખાસ લાભ

# શ્રી તાત્ત્વિકલેખસંગ્રહ

પચીસ લેખોનો સુંદર સંગ્રહ

લેખક : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજની વૈરાગ્યવાહિની અને બોધદાયિની કલમથી આજે સમાજમાં કોણ અજાણ છે ? **“ શ્રી જૈન ધર્મ પ્રકાશ ”** માસિકમાં ક્રમે ક્રમે પ્રગટ થયેલા બોધક અને સરલ લેખોનો આ સંગ્રહ સૌ કોઇને પસંદ પડી ગયો છે. સભાસદ બંધુઓને આ ગ્રંથ અડધી કિંમતે એટલે એક રૂપિયામાં આપવામાં આવશે. ક્રાઉન સોળ પેજી અઢી સો પાના, પાકું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર બે રૂપિયા. પોસ્ટેજ અલગ. તમારી નકલ માટે જલદી જણાવવા વિજ્ઞપ્તિ છે.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


For Private And Personal Use Only